RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 8 * Issue No. 327* Date: 24.09.2022, Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### એનઆઈએના દરોડા બાદ પીએફઆઈ ઉગ્ર બન્યું,

## કેરલમાં તોડફોડ બાદ બંધનું એલાન








તિરૂવનંતપુર,તા.૨૩

કેરલઃ પોપ્યુલર ફ્રંટ ઓફ ઈંડિયા (પીએફઆઇ)એ એનઆઇએની આગેવાનીમાં ગુરુવારે કેટલીય એજન્સીઓ તરફથી તેમની ઓફિસો, નેતાઓના ઘરો અને અન્ય જગ્યાઓ પર દરોડા પાડ્યા હતા, જેના વિરોધમાં આજે ૨૩ સપ્ટેમ્બરે હડતાળનું આહ્વાન કરવામાં આવ્યું હતું આ દરમિયાન કેરલના તિરુવનંતપુરમમાં એક કાર અને ઓટો રિક્ષામાં તોડફોડ કરવામાં આવી હતી. તો વળી તમિલનાડૂના કોયંબટૂરમાં સભ્યોની ધરપકડ બાદ પીએફઆઈએ હિંસક પ્રદર્શન કર્યું છે. આ દરમિયાન બીજેપીની ઓફિસ પર પણ હુમલો કર્યો હતો.

બીજેપી કાર્યકર્તાઓનો આરોપ છે કે, તેમના કાર્યાલય પર પેટ્રોલ બોમ્બ ફેંકવામાં આવ્યા. આ સમગ્ર ઘટના બાદ ભાજપ ઓફિસ બહાર પોલીસ ફોર્સ તૈનાત કરી દેવામાં આવી છે. એનઆઈએ અને ઈડી તરફથી કરવામાં આવેલા આ દરોડા પીએફઆઈ તરફથી દેશમાં આતંકી ગતિવિધિઓને કથિત રીતે સમર્થન કરવા મામલે પાડ્યા છે.પીએફઆઈએ અહીં એક નિવેદનમાં કહ્યું કે, કેન્દ્રીય એજન્સીઓની કાર્યવાહીના વિરોધમાં કેરલમાં હડતાલનું આહ્વાન કરવામાં આવ્યું છે. નિવેદનમાં કહેવાયુ છે કે, તેમની રાજ્ય સમિતિએ અનુભવ્યું છે કે, સંગઠનના નેતાઓની ધરપકડથી પ્રાયોજીત આતંકવાદનો ભાગ હતો. પીએફઆઈના પ્રદેશ મહાસચિવ તથા અબ્દુલ સત્તારે કહ્યું કે, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના નિયંત્રણવાળી ફાસીવાદ સરકાર દ્વારા કેન્દ્રીય એજન્સીઓનો ઉપયોગ કરીને અસહમતીનો અવાજ દબાવાનો પ્રયાસ વિરુદ્ધ રાજ્યમાં હડતાળ ચાલુ રહેશે.એક સૂત્રએ અહીં જણાવ્યું હતું કે તિરુવનંતપુરમ, કોલ્લમ, કોટ્ટાયમ, એર્નાકુલમ અને થ્રિસુર સહિત લગભગ તમામ જિલ્લાઓમાં વિરોધ માર્ચ કાઢવામાં આવી હતી. આ માર્ચમાં મોટી સંખ્યામાં પીએફઆઇના સમર્થકો જોડાયા હતાં અને દરોડાની વિરૂધ્ધ સુત્રોચ્ચાર કર્યા હતાં કેટલાક સ્થળોએ ચક્કાજામ કરવામાં આવ્યા હતાં તો બળજબરીથી દુકાનો સંસ્થાનોને બંધ કરાવવામાં આવી હતી. રસ્તાઓ ઉપર ટાયર સળગાવવામાં આવ્યા હતાં. વાહનોને અટકાવવામાં આવ્યા હતાં.

કોટ્ટાયમમાં બંધને સમર્થન આપી રહેલા લોકોએ પથ્થરમારો કરીને એક ઓટો રિક્ષા અને કારને નુકસાન પહોંચાડ્યું હતું. કેરળ સ્ટેટ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનની બસમાં આતંકવાદીઓ દ્વારા અલુવા નજીક કંપનીપાડીમાં તોડફોડ કરવામાં આવી હતી. કેરળ બંધ દરમિયાન, કોલ્લમ જિલ્લામાં પલ્લીમુક્કુ ખાતે બાઇક સવારો પીએફઆઇ સમર્થકો દ્વારા બે પોલીસકર્મીઓ પર હુમલો કરવામાં આવ્યો હતો. કેરળ બંધને ધ્યાનમાં રાખીને પોલીસે રાજ્યમાં કડક સુરક્ષા વ્યવસ્થા કરી છે. કાયદો અને વ્યવસ્થા જાળવવા જિલ્લા પોલીસ વડાઓને સૂચનાઓ આપવામાં આવી હતી

ભાજપના કેરળ એકમના પ્રમુખ કે સુરેન્દ્રએ આક્ષેપ કર્યો હતો કે અગાઉ પણ પીએફઆઈ દ્વારા બોલાવવામાં આવેલી તમામ હડતાલ દરમિયાન ઉપદ્રવ અને હિંસા થઈ હતી. રાજ્ય સરકારે લોકોના જાન-માલનું પૂરતું રક્ષણ સુનિશ્ચિત કરવું જોઈએ. પીએફઆઈ મસલ પાવર દ્વારા આતંકવાદના મામલાને ટાળવાનો પ્રયાસ કરી રહી છે. તમિલનાડુના કોઈમ્બતુરમાં બીજેપી ઓફિસ પર હુમલો થયો છે. અહીં ભાજપ કાર્યાલય પર અજાણ્યા શખ્સોએ જ્વલનશીલ સામગ્રીથી ભરેલી બોટલ ફેંકી હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ઘટના બાદ ગુસ્સે ભરાયેલા બીજેપી કાર્યકર્તાઓએ ઉગ્ર પ્રદર્શન કર્યું, ત્યારબાદ પોલીસે ઘટનાસ્થળે પહોંચીને ચાર્જ સંભાળ્યો હતો ભાજપ કેરલ કમિટિએ પીએફઆઈની કેરલમાં પ્રસ્તાવિત હડતાલને બિનજરુરી ગણાવી અને રાજ્ય સરકાર પાસેથી તેના વિરુદ્ધ કડક કાર્યવાહી કરવાનો આગ્રહ કર્યો છે.રાજ્યની ડાબેરી સરકાર વોટ બેંક પર નજર રાખીને પીએફઆઇ પ્રત્યે નરમ અભિગમ બતાવી રહી છે. આ મામલાની સંજ્ઞાન લેતા હાઈકોર્ટે સંગઠનના નેતાઓ સામે કેસ દાખલ કર્યો હતો. કેરળ હાઈકોર્ટના અગાઉના આદેશ અનુસાર રાજ્યમાં પરવાનગી વિના કોઈ બંધનું આયોજન કરી શકાતું નથી. બંધ વિરુદ્ધના કેસની સુનાવણી કરતી વખતે, હાઈકોર્ટે કેરળ પોલીસને આદેશ આપ્યો કે તેઓ બંધને સમર્થન ન આપતા નાગરિકો અને સરકારી મિલકતોની સુરક્ષા માટે પૂરતી વ્યવસ્થા કરે.

૧૫ રાજ્યોમાં ૯૩ સ્થળોએ દરોડા પાડ્યા. કેરળ-૩૯, તમિલનાડુ-૧૬, કર્ણાટક-૧૨, આંધ્ર પ્રદેશ-૭, તેલંગાણા-૧, ઉત્તર પ્રદેશ-૨, રાજસ્થાન-૪, દિલ્હી-૨, આસામ-૧, મધ્ય પ્રદેશ-૧, મહારાષ્ટ્ર-૪, ગોવા- ૧, પશ્ચિમ બંગાળ-૧, બિહાર-૧ અને મણિપુરમાં ૧ જગ્યાએ દરોડા પાડવામાં આવ્યા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર સર્ચ ઓપરેશનમાં લગભગ ૩૦૦ એનઆઈએ અધિકારીઓ સામેલ હતા.એનઆઈએ ડીજીએ ઓપરેશનની દેખરેખ રાખી હતી. ૨૦૧૦-૧૧ પહેલા પીએફઆઇ કેસમાં કુલ ૪૬ આરોપીઓને દોષિત ઠેરવવામાં આવ્યા હતા અને પીએફઆઇ સામેના કેસોમાં ૩૫૫ આરોપીઓ સામે ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે. કેરળમાં સૌથી વધુ ૨૨ પીએફઆઇ કાર્યકરોની ધરપકડ કરવામાં આવી છે.

### મમતાના ૫ ભાઈઓ, એક ભાભી વધુ પડતી સંપત્તિના કારણે ફસાયા

## બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીના ૫ ભાઈઓ અને એક ભાભી સામે તેમની આવક કરતા વધુ સંપત્તિ હોવાના આરોપ

### કોલકાતામાં આખા રોડ પર તેમની પ્રોપર્ટી, ૫ કરોડની પ્રોપર્ટી ૧ કરોડમાં ખરીદી : વકીલનો દાવો

કોલકતા,તા.૨૩

પશ્ચિમ બંગાળના સીએમ મમતા બેનર્જીના ૫ ભાઈઓ અને એક ભાભી સામે તેમની આવક કરતા વધુ સંપત્તિ હોવાના આરોપ લાગ્યા છે. કોલકાતા હાઈકોર્ટમાં દાખલ કરાયેલી અરજી અનુસાર, ૨૦૧૧માં તૃણમૂલ કોંગ્રેસ સત્તામાં આવી ત્યારથી બેનર્જી પરિવારની સંપત્તિમાં ઘણો વધારો થયો છે. હાઈકોર્ટે તમામ આરોપીઓને ૧૧મી નવેમ્બર સુધીમાં એફિડેવિટ રજૂ કરવાનો આદેશ આપ્યો છે.અરજીમાં કહેવામાં આવ્યું છે કે કોલકાતાની હરીશ ચેટર્જી સ્ટ્રીટ પરની મોટાભાગની મિલકતો બેનર્જી પરિવારની છે. મમતાની ભાભી કજરી બેનર્જી પર માર્કેટ રેટથી ઓછી કિંમતે ઘણી પ્રોપર્ટી ખરીદવાનો આરોપ છે. ભત્રીજો અભિષેક બેનર્જી ઘણી કંપનીઓમાં ડિરેક્ટર છે. જો કે, મમતા કહે છે કે મારે સંબંધીઓ સાથે કોઈ લેવાદેવા નથી. મારી સાથે કોઈ રહેતું નથી.અમે પિટિશન દાખલ કરનાર વકીલ સાથે વાત કરી અને તમામ હકીકતો જાણી.જેઓ પર આરોપ છે, તેમના સંબંધો મમતા સાથે છે,૧. અમિત બેનર્જીઃ મમતાના મોટા ભાઈ અને અભિષેક બેનર્જીના પિતા,૨. અજીત બેનર્જીઃ મમતાના મોટા ભાઈ,૩. સમીર બેનર્જીઃ મમતાનો ભાઈ,૪. સ્વપન બેનર્જીઃ મમતાનો ભાઈ,૫. ગણેશ બેનર્જીઃ મમતાનો ભાઈ,૬. કજરી બેનર્જીઃ મમતાની ભાભી, સમીર બેનર્જીની પત્ની

મમતા બેનર્જી ૨૦૧૧થી બંગાળના મુખ્યમંત્રી છે. આ સમયગાળા દરમિયાન શારદા કૌભાંડ, રોઝ વેલી કૌભાંડ, નારદા કૌભાંડ, પોન્ઝી કૌભાંડ અને ભરતી કૌભાંડ થયા હતા. ભ્રષ્ટાચાર વિના એક પણ ભરતી પ્રક્રિયા પૂર્ણ થઈ નથી. આ કૌભાંડોમાં ટીએમસીના ઘણા નેતાઓની ધરપકડ પણ કરવામાં આવી હતી. રાજકીય નેતાઓ અને મીડિયાએ મમતા બેનર્જીના પરિવારના સભ્યોની બિનહિસાબી સંપત્તિ અંગે ખુલાસો કર્યો હતો. ગનાશક્તિ નામના બંગાળી અખબારે દાવો કર્યો હતો કે કોલકાતાની હરીશ ચેટર્જી સ્ટ્રીટ પરની મોટાભાગની મિલકતો બેનર્જી પરિવારની છે.મમતાના ભાઈ સમીર બેનર્જીની પત્ની કજરી બેનર્જીએ ૨૦૨૧માં વોર્ડ નંબર-૭૩માંથી ચૂંટણી લડી હતી. તેણે એફિડેવિટમાં પોતાને સામાજિક કાર્યકર જણાવ્યા હતા. પતિ અને પોતાની મિલકત રૂ.૫ કરોડની હોવાનું જણાવ્યું હતું. સામાજિક કાર્ય કરીને ૫ કરોડ કેવી રીતે કમાય શકે છે. ૧૪ મે ૨૦૧૯ના રોજ, કજરી બેનર્જીએ પશ્ચિમ બંગાળ હાઉસિંગ બોર્ડ પાસેથી રૂ. ૧૯ લાખમાં મિલકત ખરીદી હતી, પરંતુ તેની બજાર કિંમત રૂ. ૬૩.૭૮ લાખ હતી.કજરીએ એફિડેવિટમાં ઘણી વિગતો છુપાવી હતી. પુત્રને આશ્રિત જાહેર કરીને, તેણે તેના પાન નંબરનો ઉલ્લેખ કર્યો ન હતો, જ્યારે તેઓ કેએ ક્રિએટિવ એલ.એલ.પી.ના માલિક છે. કેએ ક્રિએટિવ દ્વારા હરીશ મુખર્જી રોડ પર રૂ. ૧.૩૦ કરોડની મિલકત ખરીદવામાં આવી હતી. તેની સાચી કિંમત ૫.૧૯ કરોડ રૂપિયા હતી. મમતા બેનર્જી સમૃદ્ધ પરિવારમાંથી આવતા નથી. તેઓ દાવો કરે છે કે તેઓ પગાર લેતા નથી. તે પુસ્તકો અને ચિત્રો દ્વારા જ કમાણી કરે છે. તેમનો પરિવાર ૩૦મ્ હરીશ ચેટર્જી સ્ટ્રીટ ખાતે એક નાનકડા મકાનમાં રહે છે. સામાન્ય પરિવારના સભ્યો આટલો મોટો વ્યવહાર કેવી રીતે કરી શકે છે. નવેમ્બર ૨૦૧૩માં ટીએમસીના પૂર્વ સાંસદ અને વર્તમાન મહાસચિવ કુણાલ ઘોષની શારદા કૌભાંડમાં ધરપકડ કરવામાં આવી હતી. ત્યારે તેમણે કહ્યું કે શારદા ચિટ ફંડના પૈસા મમતા બેનર્જી પાસે છે. કોર્ટે કુણાલ ઘોષને ૨૮ નવેમ્બરે હાજર રહેવા નોટિસ પણ પાઠવી છે.વર્ષ ૨૦૧૧ બાદ લીપ્સ એન્ડ બાઉન્ડ્સ ઈન્ફ્રા કન્સલ્ટેન્ટ પ્રાઈવેટ લિમિટેડ, લીપ્સ એન્ડ બાઉન્ડ પ્રાઈવેટ લિમિટેડ, લીપ્સ એન્ડ બાઉન્ડ મેનેજમેન્ટ સર્વિસીસ એલએલપી (મર્યાદિત જવાબદારી ભાગીદારી) બની. આ ત્રણેય કંપનીઓ મમતાના પરિવારના સભ્યો ચલાવે છે.ત્રિનેત્ર કન્સલ્ટેન્ટ પ્રાઈવેટ લિમિટેડ નામની એક કંપની ૨૦૧૯ પહેલા બની અને ગાયબ પણ થઈ ગઈ. કંપનીએ બેલેન્સ શીટ ફાઇલ કરી નથી. કથિત રીતે, અલગ-અલગ સમયે તેના દ્વારા ટીએમસીને ૩ કરોડ રૂપિયાનું દાન આપવામાં આવ્યું હતું.મમતા બેનર્જી પશ્ચિમ બંગાળના ગૃહ વિભાગ અને પોલીસનો હવાલો સંભાળી રહ્યા છે. આવી સ્થિતિમાં કોલકાતા પોલીસ તેના પરિવારના સભ્યો સામે તપાસ કરવાની હિંમત નહીં કરે. તેથી તેની તપાસ સીબીઆઈ અને ઈડીને સોંપવી જોઈએ. અરજીકર્તાએ કહ્યું- પુરીમાં બેનર્જી પરિવારની હોટલ, મારી પાસે પુરાવા છે બેનર્જી પરિવારના કુલ ૬ સભ્યો સામે અપ્રમાણસર સંપત્તિના આરોપો છે. અરિજિત મજમુદાર દ્વારા આક્ષેપો કરવામાં આવ્યા છે. તેમના વકીલ ભાજપના નેતા તરુણ જ્યોતિ તિવારી છે. મજમુદાર, અમિત બેનર્જી, અજીત બેનર્જી, સમીર બેનર્જી, સ્વપન બેનર્જી, ગણેશ બેનર્જી અને કજરી બેનર્જીને આરોપી બનાવવામાં આવ્યા છે. કોર્ટે તમામને ૧૧ નવેમ્બર સુધીમાં એફિડેવિટ રજૂ કરવાનો આદેશ આપ્યો છે. આ કોર્ટ પીઆઈએલની સુનાવણી ૨૮ નવેમ્બરે થશે.વકીલ તરુણ જ્યોતિ તિવારીએ ભાસ્કરને જણાવ્યું કે બેનર્જી પરિવારની પુરીમાં એક હોટલ પણ છે. કજરી બેનર્જી પાસે ૫ કરોડની મિલકત જણાવી છે, પરંતુ તે રૂ. ૨૦ કરોડ સુધીની સંપત્તિની માલિક છે. આ બધા માટે પુરાવા છે. તેમનું કહેવું છે કે અને કોર્ટમાં મમતા બેનર્જીની પરિવારના સભ્યોએ જે ડોક્યુમેન્ટ બતાવ્યા છે, તેનાથી જાણી શકેય છે કે તેમની સંપત્તિ ઘણી જ વધારે છે.

## નીતીશકુમાર વડાપ્રધાન બનવા માટે આરજેડી-કોંગ્રેસના ખોળામાં બેસી ગયા છે : અમિત શાહ

### સીમાંચલના લોકોને ડરવાની જરૂર નથી. અહિંયા નરેન્દ્ર મોદીની સરકાર છે.



પૂર્ણિયા,તા.૨૩

પૂર્ણિયાની બેઠકમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે નીતીશ અને લાલુ પર ૩૧ મિનિટ સુધી પ્રહારો કર્યા હતા. શરૂઆતમાં નારાઓના નીચા અવાજ પર તેમણે કહ્યું કે લાલુના પેટમાં દુખાવો સમજી શકાય છે, તમને લોકો શું થઈ ગયું છે. જ્યારે હું સીમાંચલ જિલ્લામાં આવ્યો છું ત્યારે લાલુ અને નીતીશને પેટમાં દુખાવો થવા લાગ્યો છે. તેઓ કહી રહ્યા છે કે લડાઈ કરાઈશ. હું કહું છું કે તમે લોકો આ કામ કરો, મારે તેની જરૂર નથી.

અમિત શાહે ૨૦૨૪ની લોકસભાની બ્લુપ્રિન્ટ પણ તૈયાર કરી હતી. તેમણે કહ્યું કે સીમાંચલના લોકોને ડરવાની જરૂર નથી. અહિંયા નરેન્દ્ર મોદીની સરકાર છે. પોતાના ભાષણમાં તેમણે બિહારમાં જંગલ રાજની વાપસી પર સવાલ ઉઠાવ્યા હતા. ગઠબંધન તોડવા માટે નીતિશ કુમાર પર પ્રહારો કર્યા. નીતીશ કુમાર વડાપ્રધાન બનવા માટે આરજેડી અને કોંગ્રેસના ખોળામાં બેસી ગયા. પૂર્ણિયામાં અમિત શાહના ભાષણની ૫ મોટી વાતો અને તેનો અર્થ...

સીમાંચલનો વિસ્તાર નરેન્દ્ર મોદીના ભારતમાં છે. સીમાંચલના ૪ જિલ્લાના લોકોને કહેવા માંગુ છું કે અહિંયા કોઈને ડરવાની જરૂર નથી. હું અહિંયા બધાને કહેવા આવ્યો છું કે ડરતા નહીં. અહિંયા નરેન્દ્ર મોદીની સરકાર છે. સીમાંત જિલ્લાઓમાં આદિવાસીઓ પરેશાન થઈ રહ્યા છે. તેમને ભગાડવામાં આવે છે. કેન્દ્ર તરફથી મોકલવામાં આવતી રકમ તેમના સુધી પહોંચતી નથી.

આ મુસ્લિમ બહુમતી વિસ્તાર છે. સીમાંચલના ૪ લોકસભા ક્ષેત્રમાં ૩૦થી લઈ ૭૦ ટકા વસતિ આ સમુદાયની છે. માત્ર એક લોકસભા મતવિસ્તાર કિશનગંજમાં સૌથી વધુ ૭૦% મતદાન થયું છે. અહિંયા ઈત્નહ્વ, ત્નહ્વેં, છૈંસ્ મુસ્લિમોને ભાજપના નામથી ડરાવે છે. હિન્દુ વસતિ જ્ઞાતિમાં વિખરાયેલી છે. અમિત શાહે એક તીરથી બે નિશાન કર્યા છે. એક સંદેશ આપ્યો કે મુસ્લિમોને ડરવાની જરૂર નથી. તેમણે હિંદુઓને સંદેશ આપ્યો કે મુસ્લિમથી ડરવાની જરૂર નથી. જનજાતિ પ્રત્યે સહાનુભૂતિ દર્શાવીને સહકાર આપવાનો પ્રયાસ કર્યો.

પ્રધાનમંત્રી બનવા રાજદ અને કોંગ્રેસના ખોળામાં નીતીશ બેસી ગયા છે. નીતીશે જ્યોર્જ ફર્નાન્ડિસ સાથે પણ તેવું જ કર્યું. ભાજપને છેતરી લાલુ પાસે ગયા. આ છેતરપિંડી મોદીજી સાથે નહીં બિહારની જનતા સાથે થઈ છે. નીતીશ પાસે માત્ર ૨ લોકસભા સીટ હતી, 'ના ઘરના રહ્યા ના ઘાટના'. ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીમાં જનતા લાલુ-નીતીશની જોડીનો સફાયો કરી નાખશે. ૨૦૨૫માં ભાજપ બિહારમાં પૂર્ણ બહુમતીની સરકાર બનાવશે.

જનસભામાં અમિત શાહે લોકોને સવાલ કર્યા. બોલો તમને જંગલ રાજ જોઈએ છે. ફરીથી અપહરણ વાળું રાજ્ય જોઈએ છે.

## તંત્રી સ્થાનેથી...

# ઝડપાતું ડ્રગ્સ

દિલ્હી પોલીસ દ્વારા મુંબઈના એક બંદર પરથી એક કન્ટેનરમાં ભારે માત્રામાં નશીલા પદાર્થની જપ્તી એ જ દર્શાવે છે કે દેશમાં કઈ રીતે વિભિન્ન રસ્તે મોટા પાયે ડ્રગ્સ મોકલવામાં આવી રહ્યું છે. તેના પહેલાં ગુજરાતના બંદર અને પંજાબની સાથે પૂર્વોત્તર રાજ્યોના સીમાંત વિસ્તારોથી પણ હજારો કરોડ રૂપિયાના માદક પદાર્થોની ખેપ પકડાઈ ચૂકી છે. આ પ્રકારની ખેપ પકડાવાનો સિલસિલો જે રીતે ખતમ થવાનું નામ નથી લેતો, તેનાથી ન માત્ર એ સ્પષ્ટ થાય છે કે ભારત આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ તસ્કરોના નિશાન પર છે, બલ્કે એ પણ કે તેમણે દેશના વિભિન્ન હિસ્સામાં પોતાના એજન્ટો પણ ઊભા કરી દીધા છે. એ ઠીક છે કે બહારથી આવી રહેલા નશીલા પદાર્થોની ખેપ સતત પકડાઈ રહી છે, પરંતુ પ્રશ્ન એ છે કે શું બધી જ ખેપને દેશમાં આવતાં રોકી શકાય છે? આશંકા એ જ છે કે ડ્રગ્સ તસ્કર અને તેમના એજન્ટ પોલીસ અને નાર્કોટિક્સ વિભાગને ચકમો આપીને નશીલા પદાર્થોની સારી એવી માત્ર દેશના વિભિન્ન હિસ્સામાં ખપાવી રહ્યા હશે. છાશવારે હવે તેના પુરાવા મળતા રહે છે. તે ઉપરાંત એ પણ કોઈથી છૂપું નથી કે કઈ રીતે દેશના વિભિન્ન શહેરોમાં ડ્રગ્સ પાર્ટીઓ થવા લાગી છે. ચિંતાની વાત માત્ર એ જ નથી કે ડ્રગ્સ તસ્કરી પાછળ એ તત્ત્વોનો હાથ દેખાઈ રહ્યો છે, જે આતંકવાદ અથવા અન્ય ગંભીર અપરાધોમાં સંડોવાયેલો છે, સાથે જ એની પણ છે કે યુવાઓ સુધી ડ્રગ્સ પહોંચાડવાનું એક નેટવર્ક બની ગયું છે. જેટલું જરૂરી આ નેટવર્કને ધ્વસ્ત કરવાનું છે, એટલું જ એ તત્ત્વો પર લગામ લગાવવી, જે વિભિન્ન રસ્તે અને માધ્યમોથી દેશમાં ડ્રગ્સ મોકલી રહ્યા છે. એ આસાન નથી, કારણ કે આ કામ અફઘાનિસ્તાન, પાકિસ્તાન, ઈરાન, વગેરે દેશોમાં સક્રિય ડ્રગ્સના મોટા તસ્કરો કરી રહ્યા છે, જેઓ ભારત વિરોધી તત્ત્વો સાથે ભળી ગયેલા છે. ડ્રગ્સ તસ્કર જે રીતે નિતનવી પદ્ઘતિઓથી નસીલા પદાર્થોની ખેપ ભારતમાં લાવી રહ્યા છે, તેનાથી નાર્કોટિક્સ વિભાગની સાથે પોલીસ અને અન્ય એજન્સીઓએ વધુ સતર્ક રહેવાની જરૂર છે. તેની સાથે જ સમાજે પણ સાવધાન રહેવું પડશે, કારણ કે ડ્રગ્સ તસ્કરીનો એક ઉદ્દેશ્ય દેશની યુવા પેઢીને ખોખલી બનાવવા અને તેના ભવિષ્યને અંધકારમાં ધકેલવાનો પણ છે. તેની અવગણના ન કરી શકાય કે પંજાબ અને પૂર્વોત્તરનાં કેટલાંક રાજ્યોમાં ડ્રગ્સના ચલણે યુવા પેઢીને કઈ રીતે બરબાદ કરી. જો દેશને ડ્રગ્સ તસ્કરોથી બચાવવો હશે તો નશીલા પદાર્થોના સેવન વિરુદ્ઘ અલખ જગાવવી પડશે. તેમાં સફળતા ત્યારે જ મળશે, જ્યારે યુવા પેઢી માદક પદાર્થોના વિનાશકારી પ્રભાવને લઈને સચેત થશે. તેઓ ડ્રગ્સના ખતરાને લઈને સચેત થાય, તેના માટે સમાજના અન્ય લોકોએ પણ પોતપોતાના સ્તરે સક્રિય થવું પડશે.

## પોલીસ જવાને ખરાબ ભોજનની ફરિયાદ કરી તો, ૬૦૦ કિ.મી દૂર બદલી કરી દેવામાં આવી





ફિરોઝાબાદ,તા.૨૩

ઉત્તર પ્રદેશના ફિરોઝાબાદમાં પોલીસ મેસમાં નિમ્ન સ્તરના ખોરાકના મુદ્દાનો પર્દાફાશ કરનાર કોન્સ્ટેબલની ૬૦૦ કિમી દૂર બદલી કરવામાં આવી છે. પોલીસ ડિરેક્ટર જનરલની કચેરી દ્વારા મંગળવારે જારી કરાયેલા આદેશોમાં ટ્રાન્સફર માટેના કોઈ કારણનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી.તમને યાદ હશે કે ફિરોઝાબાદ પોલીસ જવાન, જેનો વીડિયો પોલીસ કેન્ટીનમાં પીરસવામાં આવતા ખરાબ ભોજન પર વાયરલ થયો હતો. વીડિયો વાયરલ થતાની સાથેઁ પોલીસની આબરૂના ધજાગરા ઉડી ગયા હતા. પોલીસે જવાન મનોજ કુમારની વાત સાંભળવાને બદલે ૬૦૦ કિ.મી દુર ટ્રાન્સફર કરી દીધો છે. ઓગસ્ટમાં, મનોજ ફિરોઝાબાદ પોલીસ કેમ્પસમાંથી બહાર આવ્યો અને લોકોને રડતા ભોજનની પ્લેટ બતાવી અને ખોરાકની ગુણવત્તા અંગે ફરિયાદ કરી હતી. આ ઘટનાનો વીડિયો વાયરલ થતાં મનોજને એક સપ્તાહની રજા પર મોકલી દેવામાં આવ્યો હતો. મનોજનું કહેવું હતું કે, મેસમાં જમવાના બે ટાઈમ માટે ૫૬ રૂપિયા ચૂકવવા પડે છે, છતા એકદમ ઘટિયા જમવાનું આપવામાં આવે છે, જેને કારણે ૭૦ ટકા પોલીસ જવાનો બહાર ઢાબા પર ૫૦ રૂપિયા વાળી થાળી ખાવા મજબુર છે.વીડિયો વાયરલ થયા પછી, મનોજ કુમાર, જેની ટ્રાન્સફર ૬૦૦ કિલોમીટર દૂર કરવામાં આવી છે તે અલીગઢ જિલ્લાના છે, તેણે કહ્યુ કે, મારા પરિવારમાં કુલ ૬ લોકો છે, જેમાં બે નાના ભાઈઓ અને એક અપરિણીત બહેન છે.

મારા માતા-પિતા ખૂબ વૃદ્ધ છે અને તેમની સારવાર ચાલી રહી છે. તેમનાથી ૬૦૦ કિમી દૂર ડ્યુટી પર હોય ત્યારે તેની સંભાળ રાખવી મારા માટે ખૂબ જ મુશ્કેલ હશે. કુમારે કહ્યું કે હું મારા પરિવારમાં એકમાત્ર કમાતો સભ્ય છું.આગ્રા પોલીસ લાઈન્સમાં પોસ્ટ કરાયેલા અન્ય એક પોલીસકર્મીએ એ જ વાતનો પુનરોચ્ચાર કર્યો હતો કે મનોજને જુનિયર્સની મૂળભૂત જરૂરિયાતોમાં વરિષ્ઠ અધિકારીઓની બેદરકારીને ઉજાગર કરવા બદલ સજા કરવામાં આવી છે.

નથી

પુષ્પો મોકલ્યા છે,
જાસો મોકલ્યો નથી.
છાતીએ ધા ઝીલ્યા છે,
વાંસો મોકલ્યો નથી.
સાંત્વન મળે કયાંથી?
દિલાસો મોકલ્યો નથી!
ધ્યુતક્રીડાર્થે ઈજન મોકલ્યુ,
પાસો મોકલ્યો નથી.
સૂરજ જેવો સૂરજ મોકલ્યો,
ત્રાંસો મોકલ્યો નથી.
પ્રેમનો આમ કે ખાસ,
કિસ્સો મોકલ્યો નથી

ભરત વૈષ્ણવ
૧૯.૪.૨૦૨૨.#કવિતા

# શ્રીમદ્ ભગવદ્ ગીતા અને અવતારવાણીમાં વર્ણવેલ



ક્ષર-અક્ષર અને અક્ષરાતીતનું વર્ણન

સંસાર-જીવાત્મા અને પરમાત્માને ક્ષર-અક્ષર અને અક્ષરાતીત (પુરૂષોત્તમ) નામથી વર્ણન કરતાં ભગવાન કહે છે કે: 'આ સંસારમાં ક્ષર (નાશવાન) અને અક્ષર(અવિનાશી)..આ બે પ્રકારના પુરૂષો છે. તમામ પ્રાણીઓનાં શરીર નાશવાન અને કૂટસ્થ(જીવાત્મા) અવિનાશી કહેવામાં આવે છે.'(ગીતા:૧૫/૧૬)

આ જગતમાં બે વિભાગ જાણવામાં આવે છે.શરીર વિગેરે નાશવાન પદાર્થો(જડ) અને અવિનાશી જીવાત્મા(ચેતન). વિચાર કરવાથી સ્પષ્ટ પ્રતિત થાય છે કે એક તો પ્રત્યક્ષ દેખાવાવાળું શરીર છે અને એક એમાં રહેવાવાળો જીવાત્મા છે.જીવાત્માના રહેવાથી જ પ્રાણ કાર્ય કરે છે અને શરીરનું સંચાલન થાય છે. જીવાત્મા?ની સાથે પ્રાણોના નીકળતાં જ શરીરનું સંચાલન બંધ થઈ જાય છે અને શરીર સડવા લાગે છે. લોકો તે શરીરને બાળી નાખે છે કારણ કે મહત્વ નાશવાન શરીરનું નથી પરંતુ તેમાં રહેવાવાળા અવિનાશી જીવાત્માનું છે.પાંચ મહાભૂત (પૃથ્વી પાણી અગ્નિ વાયુ આકાશ)થી બનેલા સ્થૂળ શરીરો, પાંચ જ્ઞાનેન્દ્રિયો (આંખ કાન નાક રસના ત્વાચા), પાંચ કર્મેન્દ્રિયો (હાથ પગ વાણી ગૂદા ઉપસ્થ), પાંચ પ્રાણ (પ્રાણ અપાન વ્યાન ઉદાન સમાન), મન બુધ્ધિ ચિત્ત અને અહંકાર..આ ૨૪ તત્વોથી યુક્ત સૂક્ષ્મશરીર અને કારણ શરીર (સ્વભાવ કર્મ સંસ્કાર અજ્ઞાન) આ બધાં નાશવાન હોવાથી "ક્ષર" નામથી કહેવાય છે.જે તત્વનો ક્યારેય વિનાશ થતો નથી અને જે હંમેશાં નિર્વિકાર રહે છે એ જીવાત્મા "અક્ષર" કહેવાય છે.

આ જીવાત્મા ગમે તેટલાં શરીર ધારણ કરે, ગમે તેટલા લોકમાં જાય તેનામાં ક્યારેય કોઈ વિકાર ઉત્પન્ન થતો નથી તે હંમેશાં જેમ છે તેમ જ રહે છે એટલા માટે જ શ્રીમદ્ ભગવદ્ ગીતામાં તેને "કૂટસ્થ" કહેવામાં આવે છે.જીવાત્મા અને પરમાત્મા બંનેમાં પરસ્પર તાત્વિક તેમજ સ્વતરૂપગત એકતા છે.સ્વરૂપથી જીવાત્મા સદાસર્વદા નિર્વિકાર જ છે પરંતુ ભૂલથી પ્રકૃતિ અને તેના કાર્ય શરીર વગેરે સાથે પોતાની એકતા માની લેવાના કારણે તેની જીવ સંજ્ઞા બની જાય છે,નહી તો અદ્રિતિય સિધ્ધાંત અનુસાર તે સાક્ષાત પરમાત્મા તત્વ જ છે.

સંત નિરંકારી મિશનના પ્રસિધ્ધ ગ્રંથ અવતારવાણીમાં ગુરૂદેવ નિરંકારી બાબા કહે છે કે: નિરાકાર પ્રભુને જાણો બધી દિશામાં વ્યાપક છે,તમામ જીવ જંતુઓનો આ સર્જકને પાલક છે,શસ્ત્રો આને કાપી શકે ના વાયુ સુકવી શકે નહી,જળ આને ભીંજવી ના શકતું અગ્નિ બાળી શકે નહી,માનવ તૂં પણ અંશ છે આનો આ જ્યોતિની જ્યોતિ છે,કંકરના સંગે બન્યો તૂં કંકર વાસ્તવમાં તૂં મોતી છે,આ વાસ્તવિક ઘર છે તારૂં, આ જ છે તારૂં રૂપ મહાન,પુરા ગુરૂ વિના પામી ના શકતા જગમાં આનું કોઈ જ્ઞાન,શ્રધ્ધા રાખી આના ઉપર આનું જ ધ્યાન લગાવી જા,કહે અવતાર ગુરૂ થકી જાણો તૂં હી તૂં હી ગાતો જા.

ગીતામાં ભગવાન કહે છે કે "ઉત્તમ પુરૂષ તો અન્ય છે જે પરમાત્મા નામથી કહેવામાં આવ્યો છે,તે જ અવિનાશી ઈશ્વર ત્રણે લોકમાં પ્રવિષ્ટ થઈને બધાનું ભરણ પોષણ કરે છે."(૧૫/૧૭)

ઉપનિષદ કહે છે કે "જે બ્રહ્મથી પણ શ્રેષ્ઠ,છુપાયેલ,અસિમ અને પરમ અક્ષર પરમાત્મામાં વિદ્યા અને અવિદ્યા બંને સ્થિત છે તે જ બ્રહ્મ છે.વિનાશશીલ જડવર્ગ અવિદ્યા નામથી અને અવિનાશી જીવાત્મા (આત્મા) વિદ્યા નામથી ઓળખવામાં આવે છે તથા જે વિદ્યા અને અવિદ્યા બંને પર શાસન કરે છે તે પરમેશ્વર આ બંનેથી ભિન્ન સર્વથા વિલક્ષણ છે.

પ્રકૃતિ તો વિનાશશીલ છે અને તેને ભોગવવાવાળો જીવાત્મા અમૃતસ્વરૂપ અવિનાશી છે.આ બંને ક્ષર અને અક્ષરને એક ઈશ્વર પોતાના શાસનમાં રાખે છે.પરમાત્મા નાશવાન,ક્ષરથી અતીત અને અવિનાશી અક્ષરથી ઉત્તમ છે.આ ઉત્તમ પુરૂષને જ પરમાત્મા નામથી કહેવામાં આવે છે.પરમાત્માનો અંશ હોવાછતાં પણ જીવાત્માની દ્રષ્ટિ કે ખેંચાણ નાશવાન ક્ષરની બાજુ જ થઈ રહ્યું છે.

પરમાત્મા શબ્દ નિર્ગુણનો વાચક માનવામાં આવે છે.જેનો અર્થ છે:પરમ(શ્રેષ્ઠ) આત્મા અથવા તમામ જીવોનો આત્મા.આ શ્રલોકમાં પરમાત્મા અને ઈશ્વર..બંને શબ્દો આપ્યા છે.જેનું તાત્પર્ય છે કે નિર્ગુણ નિરાકાર અને સગુણ સાકાર બધું એક પુરૂષોત્તમ જ છે. જીવ,જગત અને જગદીશ્વર (પરમાત્મા)નું વર્ણન કરતાં ગુરૂદેવ નિરંકારી બાબા કહે છે કે:

ઉપર નીલ ગગનમાં પ્રાણી સૂરજ ચંદ્રને તારા છે,અસ્થાઇ છે ચમક દમક એ નાશ થઈ જનારા છે, નીચે ધરતી અગ્નિને જળ એનો છે વિસ્તાર ઘણો,નાશવાન છે આ પણ જગમાં નશ્વર આ સંસાર જાણો, મધ્યે જીવ આકાશને વાયુ સૂક્ષ્મ રૂપે સમાયા છે,અસ્થાઇ આને પણ જાણો તડકાને પડછાયા છે,આ નવ વસ્તુ દ્રષ્ટિ?માન જે જગકર્તાની માયા છે,આનો સ્વામી આથી ન્યારો આનામાં જ સમાયો છે,આ બધી માયા મટી જશેને બાકી રહે જે અપરંપાર,કહે અવતાર છે આ સર્વસ્વ આને કહે છે નિરાકાર(પરમાત્મા).

આ ઉત્તમ પુરૂષ નિરાકાર પરમાત્મા ત્રણે લોકમાં એટલે કે:સર્વત્ર સમાનરૂપે નિત્ય વ્યાપક છે.પ્રભુ છે મારો સર્વવ્યાપી જગતના કોઇ ખાલી છે,પાન પાનમાં એ જ બિરાજે બેઠો ડાળી ડાળી છે. કેમ પ્રભુને શોધી રહ્યો છે જંગલ ઘાટીમાં જઈને,અંગ સંગ તારી પ્રભુને જોઈ લે પૂરા ગુરૂને રિઝાવીને,દર્પણમાં પ્રતિબિંબ રહેતું દૂધમાં ઘી સમાયું છે,વિધિ બતાવે જો ગુરૂ પુરા તો જ નજર આ આવે છે.

પરમાત્મા જ તમામ પ્રાણીઓનું ભરણપોષણ કરે છે પરંતુ જીવાત્મા સંસાર સાથે પોતાનો સબંધ માની લેવાના કારણે ભૂલથી સાંસારિક વ્યક્તિઓ..વગેરેને પોતાનાં માનીને તેમના ભરણપોષણનો ભાર પોતાના ઉપર લઈ લે છે આનાથી તે વ્યર્થ જ દુ:ખ પામે છે.

સ્વામી છે જે સર્વ જગતનો સૌ જીવોનો છે રખેવાળ,હર ઘટમાં છે વાસ જ જેનો સર્વત્ર એ વ્યાપક છે. જો કે માતા પિતા બાળકનું પાલનપોષણ કર્યા કરે છે તો પણ બાળકને એ વાતનું જ્ઞાન હોતું નથી કે: મારૂં પાલનપોષણ કોન કરે છે? કેવી રીતે કરે છે? અને શા માટે કરે છે? એવી જ રીતે ભગવાન પ્રાણીમાત્રનું પાલનપોષણ કરે છે તો પણ અજ્ઞાની મનુષ્યને ભગવાન ઉપર દ્રષ્ટિ ન રહેવાથી આ વાતનો પત્તો લાગતો નથી કે મારૂં પાલનપોષણ કોન કરે છે? ભગવાનનો શરણાગત ભક્ત જ આ વાતને સારી રીતે જાણે છે કે એક પરમાત્મા જ બધાનું સમ્યક રીતે પાલનપોષણ કરે છે.પાલનપોષણ કરવામાં પરમાત્મા કોઈની સાથે પક્ષપાત-વિષમતા કરતા નથી,તેઓ ભક્ત-અભક્ત,પાપી-પુણ્યાત્મા,આસ્તિક-નાસ્તિક વગેરે બધાનું સમાનરૂપથી પાલન પોષણ કરે છે.

પૂર્વ શ્રલોકમાં વર્ણિત ઉત્તમ પુરૂષની સાથે પોતાની એકતા બતાવીને હવે સાકારરૂપે પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણ પોતાનું અત્યંત ગોપનીય રહસ્ય પ્રગટ કરતાં કહે છે કે "હું ક્ષરથી અતીત છું અને અક્ષરથી પણ ઉત્તમ છું એટલા માટે લોકમાં અને વેદમાં પુરૂષોત્તમ નામથી પ્રસિદ્ધ છે."(ગીતા:૧૫/૧૮)

ભગવાન કહે છે કે ક્ષર (પ્રકૃતિ) પ્રતિક્ષણે પરિવર્તનશીલ છે અને હું નિત્ય નિરંતર નિર્વિકાર રૂપથી જેમ છું તેમ જ રહેવાવાળો છું એટલા માટે હું ક્ષરથી સર્વથા અતીત છું."શરીરથી પર વ્યાપક શ્રેષ્ઠ પ્રકાશક સબળ શ્રેષ્ઠ ઈન્દ્રિયો છે,ઈન્દ્રિયોથી પર મન છે અને મનથી પર બુધ્ધિ છે."(ગીતા:૩/૪૨)

આમ એકબીજાથી પર હોવાછતાં પણ શરીર ઈન્દ્રિયો મન અને બુધ્ધિ એક જ જાતિનાં જડ છે પરંતુ પરમાત્મા તત્વ એમનાથી પણ અત્યંત પર છે કારણ કે પરમાત્મા ચેતન છે. જીવાત્મા પરમાત્માનો જ અંશ હોવા છતાં તેની પરમાત્મા સાથે તાત્વિક એકતા છે તેમછતાં પરમાત્મા પોતાને જીવાત્માથી પણ ઉત્તમ બતાવે છે કારણ કે (૧) પરમાત્માનો અંશ હોવાછતાં પણ જીવાત્મા ક્ષર (જડ પ્રકૃતિ)ની સાથે પોતાનો સબંધ માની લે છે અને પ્રકૃતિના ગુણોથી મોહિત થઈ જાય છે જ્યારે પરમાત્મા પ્રકૃતિથી અતીત હોવાના કારણે મોહિત થતા નથી. (૨)પરમાત્મા પ્રકૃતિને પોતાને આધીન કરીને લોકમાં આવીને સગુણ સાકારરૂપે અવતાર ધારણ કરે છે,જીવાત્મા પ્રકૃતિને વશ થઈને લોકમાં આવે છે.(૩) પરમાત્મા હંમેશાં નિર્લિપ્ત રહે છે જ્યારે જીવાત્માએ નિર્લિપ્ત થવા માટે સાધન કરવું પડે છે.

શુધ્ધ જ્ઞાનનું નામ વેદ છે જે અનાદિ છે.વેદોમાં પણ પરમાત્મા પુરૂષોત્તમ નામથી પ્રસિધ્ધ? છે. ભૌતિક સૃષ્ટિ માત્ર ક્ષર(નાશવાન) છે અને પરમાત્માનો સનાતન અંશ જીવાત્મા (અક્ષર) અવિનાશી છે. ક્ષરથી અતીત અને ઉત્તમ હોવા છતાં પણ અક્ષરે ક્ષર સાથે સબંધ માની લીધો..આ જ દોષ ભૂલ કે અશુધ્ધિ છે.ગીતાના આ પંદરમા અધ્યાયમાં પહેલાં ક્ષર સંસારવૃક્ષનું વર્ણન કર્યું પછી તેનું છેદન કરીને પરમપુરૂષ પરમાત્માની શરણાગતિ એટલે કે સંસારથી પોતાનાપણું હટાવીને એકમાત્ર પરમાત્માને પોતાના માનવાની પ્રેરણા આપી છે પછી અક્ષર..જીવાત્માને પોતાનો સનાતન અંશ બતાવીને તેના સ્વરૂપનું વર્ણન કર્યું છે.જીવાત્મા પરમાત્માંનો સનાતન અંશ છે આથી પોતાના અંશી પરમાત્માના વાસ્તવિક સબંધ (જે સદાયથી છે) નો અનુભવ કરવો..એને જ મોહથી રહિત થવું કહે છે.નાશવાન પદાર્થો સાથે રાગદ્રેષપૂર્વક સબંધ માનવો એને જ મોહ કહે છે.સંસારમાં જે કંઈપણ પ્રભાવ દેખવા સાંભળવામાં આવે છે તે બધો એક પરમાત્મા(પુરૂષોત્તમ)નો જ છે એવું માની લેવાથી સંસારનું ખેંચાણ દૂર થાય છે.

જ્યારે મનુષ્ય પરમાત્માને ક્ષરાતીત જાણી લે છે ત્યારે તેનું મન(રાગ) ક્ષર(સંસાર)થી હટી પરમાત્મામાં લાગી જાય છે અને જ્યારે તે પરમાત્માને અક્ષરથી ઉત્તમ (અક્ષરાતીત) તરીકે જાણી લે છે ત્યારે તેની બુધ્ધિ(શ્રધ્ધા) પરમાત્મામાં લાગી જાય છે પછી તેની પ્રત્યેક વૃત્તિ અને ક્રિયાથી આપોઆપ પરમાત્માનું ભજન થાય છે.

જ્ઞાનમાર્ગમાં જાણવું અને ભક્તિમાર્ગમાં માનવું મુખ્ય હોય છે.આ વિશે ગુરૂદેવ નિરંકારી બાબા પોતાના પ્રસિધ્ધ ગ્રંથ અવતારવાણીમાં કહે છે કે: વિના દેખે મન ના માને મન માન્યા વિના પ્રેમ નહી, પ્રેમ વિના ના ભક્તિ થાયે ભક્તિ વિના ઉધ્ધાર નહી,ગુરૂ દેખાડે ગુરૂ મનાવે ગુરૂ જ પ્રેમ શિખવાડે છે,ગુરૂ વિનાની ભક્તિ નકામી જીવન વ્યર્થ ગુમાવે છે, સદગુરૂના ચરણોમાં આવી ઈશ્વરની ઓળખાણ કરો, અવતાર ગુરૂની કૃપાળુ દ્રષ્ટિ જીવનનું કલ્યાણ કરો..

દોષદ્રષ્ટિ કરવી એ પાપ છે એનાથી અંત:કરણ અશુધ્ધ થાય છે, જે દોષદ્રષ્ટિથી રહિત હોય છે તે જ ભક્તિનો અધિકારી છે.ગોપનીય વાત દોષદ્રષ્ટિથી રહિત મનુષ્યની સમક્ષ જ કહેવામાં આવે છે.દોષદ્રષ્ટિ હોવામાં ખાસ કારણ છે:અભિમાન.મનુષ્યમાં જે વાતનું અભિમાન હોય તે વાતની તેનામાં ઉણપ હોય છે તે ઉણપને તે બીજાઓમાં દેખવા લાગે છે.નાટકમાં સ્વાંગ ધારણ કરેલા મનુષ્યની જેમ પરમાત્મા આ પૃથ્વી ઉપર મનુષ્યનો સ્વાંગ ધારણ કરીને સંત સદગુરૂ કે અવતારના રૂપમાં અવતરીત થાય છે અને એવો વર્તાવ કરે છે કે અજ્ઞાની મનુષ્ય તેમને સમજી શકતા નથી અને તેમના દેહ વિલય પછી તેમનાં મંદિરો બનાવી પૂજે છે.ગુરૂદેવ આ વાત સમજાવતાં કહે છે કે:જે અપનાવે સત્યનો મારગ જગ તેનાથી વેર કરે, હરિના સંતો કષ્ટ ઉઠાવી સદા સદા અવેર રહે,સંતજનોને આ જગવાળા ભલું બુરૂં કહેતા જ રહે, સ્વાર્થી લોકો સ્વાર્થના ખાતર સંતથી વાદ વિવાદ કરે, માર્ગ ભૂલેલા અજ્ઞાનીઓ સંતની નિન્દા ખોટી કરે, હરિના સંતો એવા જનની નિંદાની પરવા ન કરે, આવ્યાનું સન્માન કરે નહી ગયા પછી એ અનુસરે, કહે અવતાર એવા મૂરખ પ્રાણી મનનું ધાર્યું કરતા રહે..

પરમાત્માની પ્રાપ્તિ માટેના છ ઉપાયોનું શાસ્ત્રોમાં વર્ણન કરવામાં આવ્યું છે:સંસારને તત્વથી જાણવો,સંસાર સાથે માનેલા સબંધનો વિચ્છેદ કરીને (તન મન ધન પ્રભુ પરમાત્માનાં સમજીને જલકમલવત નિર્લેપ થવું), ક્ષોત્રિય બ્રહ્મનિષ્ઠ તત્વંદર્શી સંત(વર્તમાન સમયમાં નિરંકારી સદગુરૂ માતા સુદિક્ષાજી મહારાજ) ના શરણે જઈ પ્રભુ પરમાત્માનું પ્રત્યક્ષ દર્શન-અનુભૂતિ કરી લેવાં.

સર્વવ્યાપક પરમાત્મા જ પોતાનામાં સ્થિત છે તેમ જાણવું.વેદાધ્યાયન (ધર્મશાસ્ત્રો ના શ્રવણ અભ્યાસ)થી પરમાત્માનું જ્ઞાન દ્રઢ કરવું. ભગવાનને જ પુરૂષોત્તમ નિર્ગુણ નિરાકાર અવ્યક્ત અવિનાશી જાણીને માનીને સર્વ રીતે તેમની અંગસંગ અનુભૂતિ કરી મન તેમાં જ લગાવવું,તેમનું જ ભજન કરવું,ધ્યાન કરવું. તમામ સંતવાણી ગીતા રામાયણ ઉપનિષદ અવતારવાણી વગેરે સતશાસ્ત્રોને તત્વથી જાણવાં,તેમાં શંકા ન કરવી.

સદગુરૂની કૃપાથી પરમાત્માતત્વને જાણવાથી-માનવાથી મનુષ્યની મૂઢતા નષ્ટ થઈ જાય છે. પરમાત્મા તત્વને જાણ્યા વિના લૌકિક સઘળી વિદ્યાઓ ભાષાઓ કળાઓ જાણવાથી મૂઢતા દૂર થતી નથી કારણ કે લૌકિક બધી વિદ્યાઓ આરંભ અને સમાપ્ત થવાવાળી તથા અપૂર્ણ છે. તો આવો..આજે વર્તમાન સમયના ક્ષોત્રિય બ્રહ્મનિષ્ઠ તત્વદર્શી સંત નિરંકારી સદગુરૂ માતા સુદિક્ષાજી મહારાજના રૂપમાં અવની ઉપર અવતરી જિજ્ઞાસુઓને બ્રહ્મજ્ઞાન,પરમાત્માની પ્રત્યક્ષ અનુભૂતિ,દર્શનના માધ્યમથી ભક્તિની સાચી રીત સમજાવી આલોક-પરલોક સુખી કરવાની કળા શિખવી રહ્યા છે તેમની શરણાગતિ સ્વીકારી,પ્રભુ દર્શન કરી જીવન સુંદર બનાવીએ,મુક્તિના માર્ગે પ્રયાણ કરીએ..

વિનોદભાઈ માછી નિરંકારી
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

# મિઠાઇમાં નીકળેલ એક એક કીડી વેપારીને પચ્ચીસ હજારમાં પડી!!

આપણે ત્યાં ભેળસેળ એ રાષ્ટ્રીય દૂષણ છે. ખાધપદાક્થોમાં ભેળસેળ કરનારનું કાળજું થડકતું નથી. કાળજું કયાંથી થડકે?? મગર અને વાંદરાની બાળવાર્તાની જેમ વેપારીઓ કાળજું નફાખોરીના ઝાડ પર મુકી આવ્યા હોય છે!!!

આ દેશમાં દુધાળા ઢોરની સંખ્યા કરતા શુધ્ધ ,પરિશુધ્ધ,અણિશુદ્ધ દૂધનું ઉત્પાદન થાય છે. જે નિરંતર ભેળસેળ છે. પાવડરનું દૂધ કે ડુપ્લિકેટ દૂધ હોઇ શકે. ચંદ સિક્કા માટે સ્વાસ્થ્ય સાથે જઘન્ય છેડછાડ કે ચેડા સાપરાધ મનુષવધથી ઓછા ખરાબ ન ગણી શકાય.આપણા આરાધ્ય દેવ-દેવીને દીવાબત્તી કરવા માટે વપરાતા ઘીમાં ભેળસેળ આપણે કેટલા આધ્યાત્મિક છીએ તેનો પુરાવો છે. દીવો કરવા માટે દિવેટ બનાવવા જે રૂનો ઉપયોગ કરીએ છીએ તેમાં લાંબા તાર સાથે ટુંકા તાર અથવા ઈજિપ્શન સાથે દેશી કોટન મિકસ કરી શકાય તો તેવો ખેલ પણ પાર પાડી દે તેવા બદમાશો છે!!

ભેળસેળનો ઈતિહાસ જોઈએ તો ૧૮૨૦ સુધીનો પ્રથમ ગાળો જેમાં ગંધક, તેજાબ, સીસુ, તાંબુ કે મીઠાઈમાં ભેળસેળ જોવા મળી હતી. ૧૯મી સદીના બીજા ગાળામાં ઔદ્યોગિક ક્રાંતિની આગેકૂચમાં ખોરાકની ઉત્પાદન પધ્ધતિઓમાં પર્યાપ્ત માત્રામાં વિતરણ વ્યવસ્થા ન હોવાથી આ સમસ્યા જોવા મળતી પણ ત્રીજા ગાળામાં ૨૦મી સદીના પ્રારંભથી ભેળસેળનો ધંધો પૂર બહારમાં ખીલી ઉઠ્યો હતો. જો કે પૃથકકરણાત્મક પધ્ધતિઓ અને નિયમોના દબાણથી માત્ર થોડો ઘટાડો થયો હતો.મનુ મુનિ જેવાએ ભેળસેળ માટે દંડસંહિતા પણ નક્કી કરેલ હતી.ઈરાદાપૂર્વકનું ઉમેરણ અથવા અન્ય પદાર્થનું ભેળવવું એટલે ભેળસેળ ન હોય જંતુનાશક દવાનો વપરાશ, ફૂગજન્ય ઝેર, ઝેરી ધાતુઓ પણ આથી વધુ ભયાનક છે. આપણી કમનશીબી છે કે ગ્રાહક પોતે જ ગરીબીને કારણે અથવા યોગ્ય શિક્ષણના અભાવે આવી ખાદ્ય પ્રોડક્ટસની ગુણવત્તા વિશે ચિંતિત નથી કેટલીક ભેળસેળમાં ધાન્ય સાથે કાંકરી, માટી, જીવાત, લાલ દાળમાં લાંગની દાળ અને કઠોળને ખનીજ તેલથી ચમકાવતા હોય છે. રાઈમાં સરસવના બી ને નરી આંખે જોઇ શકાતા નથી. બધામાં ગ્રાહક જાગૃતિ સૌથી અગત્યનો પાર્ટ છે તેના વગર કશું શક્ય નથી.ભેળસેળ કરવા માટે પણ ડિટર્જન્ટ , અખાદ્યપદાર્થ, ઘોડાની લાદ,લાકડાનો છોલ, ઘોડાની લાદ, રાખ, માટી કાંકરા. જેમ ઊંચ મેલે આંકડો ને બકરી મેલે કાંકરો તે ન્યાયે ભેળસેળિયો ભેળસેળ માટે પંચમહાભૂત તત્ત્વોનો ઉપયોગ કરે. તમે ઊંચા માંયલી કાજુ કતરીના પૈસા ચુકવો અને કાજુ કતરી નહીં પણ સિંગ કતરી પામો છો. માવાની મિઠાઈમાં બટાટા કે શિંગોડાનો લોટ ભેળવ્યો હોય!!ટોનેટો સોસમાં કોળા, સેકરીન અને પપૈયું હોય!! જો ભેળસેળિયામાં નવટાંક માનવતા અગર ઈન્સાનિયત હોય તો ક્યારેય કોઇ પણ મિઠાઇ,ઘી, ફરસાણમાં લગીરે ભેળસેળ ન કરવી જોઇએ!! વો દિન કહાં કે મિંયા કે પાંવ મૈં જૂતી !!ફૂડ એન્ડ ડ્રગ્ઝ અગર મહાનગરપાલિકા ખાદ્યપદાર્થોના સમ ખાવા પૂરતા-દેખાડો કરવા માટે નમૂના લે છે. તેનો લેબોરેટરી ટેસ્ટ કરાવે છે.જેના રીઝલ્ટ છ મહીને કે વરસે આવે છે.૨૦૦ કિલો દહીંમાંથી સેમ્પલ લીધું હોય છ મહિને સેમ્પલ ફેઇલ થાય ત્યાં લગીમાં તો બસો કિલો દહીં વપરાઇ ગયું હોય. આ તો ઘોડો ભાગી ગયા પછી તબેલાને તાળું પણ મારતા નથી. એકાદ હજાર નમૂના લે એમાં બે ત્રણ સેમ્પલ ફેઈલ જાય.બાકી અન્ડર ટેબલ સેટીંગ?? આ વિષચક્રનો અંત આવે એવું દૂર દૂર ક્ષિતિજે દ્રશ્યમાન થતું નથી.

અમદાવાદમાં મિઠાઇના વેપારીની દુકાનમાંથી , મ્યુનિ.ના ફૂડ સેફટી ઓફિસરે ૧૫ જુલાઇ ૨૦૧૫ના રોજ અરૂણ સ્વીટ્સ નામની દુકાનેથી તપાસ માટે નમૂના લીધા હતા. જેમાં બે જીવતી અને બે મરેલી કડી મળી હતી.આ કેસ કોર્ટમાં ચાલ્યો.લેબોરેટરી લેબોરેટી તપાસ કરતાં હકીકત બહાર આવી હતીકે, સામાન્ય રીતે કોઇપણ ખાદ્યપદાર્થમાં ફૂડ કલરની માત્રા ૧૦૦ પીપીએમ જેટલી મહત્તમ હોવી જોઇએ. જોકે લેબોરેટરી તપાસમાં એ?વું જણાયું હતુંકે, તેમાં ૧૧૫.૫૯ પીપીએમ કલરની માત્રા હતી. તે ઉપરાંત આ ફૂડ પેકેટ પર ન્યુટ્રિશનલની વિગતો, પેકર્સ, મેન્યુફેક્ચરર તથા ઈમ્પોર્ટસનું નામ પણ લખ્યું ન હતું.જે ધ્યાને લઇ વેપારી સામે અનસેફ અને મિસબ્રાન્ડેડ ખોરાક બાબતે ફરિયાદ નોંધવામાં આવી હતી. આ કેસમાં કોર્ટે આરોપીને ૧.૦૦ લાખ રૂપિયાનો દંડ કર્યો.આમાં વેપારીને અન્યાય થયો. જીવતા કીડી દીઠ કેટલો દંડ અને મરેલી કીડી દીઠ કેટલો દંડ કર્યો તેની વિગતો પણ નથી!!તમે જ કહો કે હજાર રૂપરડીની મિઠાઇમં કીડી કે કીડા સિવાય શું નીકળે? બજેટ માટલું રાખો તો ચિતો પણ નીકળે. ચિતો નામ્બિયાથી મંગાવવાનો છે. બુલબુલની પાંખે બેસાડવાનો છે. મિઠાઇ ઉત્પાદક એવો દાનવો પણ કરી શકે કે અમારી મિઠાઇ બનાવવાની મેથડ નિર્દોષ, હર્બલ, ઓર્ગેનિક છે કે મિઠાઇ બનાવવાની પ્રક્રિયા દરમિયાન કીડીને પણ કછુ હાનિ થયેલ નથી. અલબત, એ આરોગ્યા પછી તમારા પેટમાં ગરબડ થાય તો ભોગ તમારા.!! વાસ્તવમા ગ્રાહકોના પાચનતંત્ર એટલા આળા અને તકલાદી થયા છે કે સંપૂર્ણ શુધ્ધ ફોર્મેટમાં ઘી, દૂધ મિઠાઇ પચાવી શકે તેમ નથી. તેથી તેને સુપાચ્ય કરવા માટે ભેળસેળ કરવી જરૂરી છે. મારી વાતમાં વિશ્વાસ નથી? ઓકે. તમે શુધ્ધ સોનુ એટલે ચોવીસ કેરેટના સોનામાંથી અલંકારો બનાવી શકતા નથી. ઘરેણા બનાવવા તાંબુ, જસત ભેળવવા પડે છે.અદાલતનો ચુકાદો પણ અસહ્ય છે. મિઠાઈમાંથી ચાર કીડી નીકળી અને એક લાખનો દંડ. ઈન્સાફ મેં નાઈન્સાફી હૈ. સભ્ય સમાજમાં એક કીડી માટે પચ્ચીસ હજાર રૂપિયા દંડ? કીડીની કિંમતના પ્રમાણમાં દંડ કરવો જોઈએ કે નહીં? આ તો કીડીના વાંકે કંદોઈને દંડ જેવું કહેવાય!! ખરેખર તો કંદોઈને કોશનો ડામ આપ્યો કહેવાય! જો કે ,મિઠાઇના વેપારીએ શુક્ર મનાવવો જોઈએ કે મિઠાઇમાં ચાર કીડી હતી. મિઠાઇમાં લાખ કીડી નીકળી હોત તો તેની હાલત ખસ્તા થઇ હોત!!! હવે સવાલ એ છે કે વેપારી દંડ ભરી દે પછી પેલી મિઠાઇ અને કીડીનો કબજો ન્યાયિક રીતે વેપારીને આપવામાં આવશે કે કેમ? ચુકાદામાં તેનો ઉલ્લેખ થાય તે માટે સુધારા અરજી અદાલતમાં કરવી પડશે કે કેમ?

ભરત વૈષ્ણવ
૨૨.૯.૨૦૨૨.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



*NOG SS NO.0081*
વિષય : અહેસાસ
પ્રકાર : પદ્ય
શબ્દો: ૧૩૨
શીર્ષક: શીખી લે તું!

કર ના ફિકર ,ભલે હોય કાદવ આસપાસ,
કમળની જેમ તું, નિત્ય ખીલવાનું શીખી લે.
તરસ તો રહે ઉપજતી,બુઝે ના બુઝે,
ચાતકની જેમ તું, નભેથી ઝીલવાનું શીખી લે.
રંગ ભલે તારો શ્યામ, ઉજળું મન છે તારું,
ભ્રમરની જેમ તું, હરદમ ગુંજવાનું શીખી લે.
એક પછી મોસમ, બીજી અવિરત આવશે,
પાનખરને ?માણવાનું પણ તું શીખી લે.
આરંભ કરીશ,તવ અંતરાય જરુર આવશે,
ઝરણાંની જેમ તું, નિત્ય વહેવાનું શીખી લે.
મનમાં ભરીને ભાર, ક્યાં સુધી જીવશે?
વાદળની જેમ હેતથી,બસ વરસવાનું શીખી લે.
કંટક ભરી છે જિંદગી, એ તો ચુભવાની જ,
બસ એમાં જ તું ,ફૂલોની જેમ હસવાનું શીખી લે.
રાગ દ્વેષ, વેરઝેર તો, વવાતાં રહેશે આજીવન.
બાળકની જેમ એ બધું તું, ભૂલવાનું શીખી લે.
તારાં હોવાનો અહેસાસ, હર કોઈને થશે,
પતંગિયાની જેમ તું, બસ ફૂલે ફૂલે ઊડવાનું શીખી લે!
#©માયા દેસાઈ
મુંબઈ ભારત.

---

NOG SS No : 0092
પ્રકારઃ- પદ્ય
વિષય :- અણસાર - આભાસ
શિર્ષક :- પ્રેરકબળ કે આભાસ

પડું છું, આખડું છું ને,
ફરી દોડ લગાવું છું.
કોણ છે આ પ્રેરકબળ,
સતત હું શોધ લગાવું છું.
નિરાશા મનને ઘેરી વળે,
ઉદાસ મનને રસ્તો કોઈયે ના જડે.
કોઈ અણસાર આપી,
મનમાં સતત ઉત્સાહવર્ધન કરે.
પ્રયત્નો પુરી શ્રદ્ધાથી કરું,
પરિણામ ના મળે પારોઠના પગલાં ભરું.
થપાથપાવી ખભો એ,
આગળ ને આગળ વધવા પ્રેરે.
ગુસ્સો ને નારાજગી જાત પર આવે,
મન ને કોઈ વસ્તુ કે વ્યક્તિ ના બહેલાવે.
પોકારે અંતરમાંથી એ ને,
સાચી શાંતિનો અહેસાસ કરાવે.
બાજી તમામ ઊંધી વળતી લાગે,
સગાં ને સ્નેહીઓ જોજનો દૂર ભાગે.
નવો વિશ્વાસ બની અંતરમાં એ જાગે,
બસ એની કૃપા સિવાય આ જીવ કાંઈ ના માંગે.
દુનિયા સ્વાર્થી ને કૃપણ લાગે,
મન આ સંસાર તરફથી ભાગવા લાગે.
નવો એક હાથ લંબાવી,
સહારો મજબૂત બનાવી જીવનમાં રસ જગાવે.
ડગમગે ખુદમાંથી શ્રદ્ધા,
મન સતત અનુભવે દ્વિધા.
ઉગાડી આશાની કૂંપણો,
સ્વ અને જગમાં શ્રદ્ધા જગાવે.
એ આભાસ છે કે અણસાર છે,
જોડાયા એની જ સાથે સઘળાં તાર છે.
જે મારા આંતરિક ને બાહ્ય,
બ્રહ્માંડમાં સદૈવ બિરાજે.
ના પડવા દે, ના લથડવા દે,
હાથ મજબૂતીથી પકડી રાખે.
ભૂલું હું મારી જીવનદિશા તો,
બની દીવાદાંડી મને રસ્તો સુઝાડે.
આ જો આભાસ છે તો ‘ ખાસ ‘ છે,
મનમાં નિવાસિત એ વિશ્વાસ છે.
અણસાર આપે છે જીવનની ઘટનાઓમાં,
ભૂમિકા ભજવે વિવિધ ને ફેલાવે ઉજાસ છે.
નથી જોયો એને કદીયે,
ના સ્પર્શ્યો છે ક્યારેય.
નથી વેદો કે ગીતામાંથી એ જડ્યો,
પણ અનુભવું એ સદૈવ મારી પાસ છે.
- અલકા નવિનચંદ્ર મહેતા
ગાંધીનગર
૨૩ /૦૯ / ૨૨.

# હિંદુ જનજાગૃતિ સમિતિ વતી આયોજિત ‘વિશેષ સંવાદ’માંના માન્યવરોને આવાહન !

‘લવ-જેહાદ’ને રોકવા માટે ગરબા

ઉત્સવમાં મુસલમાનોનો પ્રવેશ પ્રતિબંધિત કરો !



જે લોકો હિંદુ ધર્મમાંની રૂઢિ, પરંપરાઓ અને દેવી-દેવતાઓને માનતા નથી, ઊલટું અમારા દેવી-દેવતાઓને ઘૃણાસ્પદ નજરેથી જુએ છે, તેમના મૌલાનાઓ નવરાત્રિમાં મુસલમાનોને પ્રવેશ આપવા વિશેની વાતો કરે છે. નવરાત્રિમાં ગરબા ઉત્સવમાં મુસલમાનોનો પ્રવેશ પ્રતિબંધિત કરો; કારણકે નવરાત્રિમાં ગરબા ઉત્સવ સમયે હિંદુ યુવતીઓને ફોસલાવીને ‘લવ-જેહાદ’ની અનેક ઘટનાઓ ભારતમાં જ નહીં, જ્યારે સંપૂર્ણ જગત્માં બની છે. વર્ષ ૧૯૯૫ થી યુ.કે. ખાતેના બ્રૈડફોર્ડ (લીડ્સ) ખાતે હિંદુ યુવતીઓને ફોસલાવીને ‘લવ-જેહાદ’ના જાળામાં ખેંચવા માટે ‘ઈસ્લામિક હિટ ટીમ્સ’ કાર્યરત હતી. કેરળ ઉચ્ચ ન્યાયાલયે પણ ‘લવ-જેહાદ’ અસતિત્વમાં હોવાનું સ્પષ્ટ કર્યું છે. લવ-જેહાદ રોકવા માટે કાયદો જોઈએ, એવી માગણી ‘સંગમ ટૉક્સ’નાં સંપાદિકા તાન્યાએ કરી. હિંદુ જનજાગૃતિ સમિતિ વતી આયોજિત ‘નવરાત્રિમાં લવ-જેહાદ ?’ આ વિષય પરના ‘ઑનલાઈન’ વિશેષ સંવાદમાં તેઓ બોલી રહ્યાં હતાં.

સિંહ વાહિનીનાં સંસ્થાપિકા પુષ્પા પાલે ‘લવ-જેહાદ’ વિશે પોતાના અનુભવકથન કરતી વેળાએ કહ્યું કે, જે કોઈ બોલે છે કે ‘લવ-જેહાદ’ નથી, તેમને હું કહું છું કે, ‘લવ-જેહાદ’ની હું પોતે બલિ ચડી હતી. આ એક ‘જેહાદ’ છે, એ તરત જ ધ્યાનમાં આવતું નથી. ‘લવ-જેહાદ’ પ્રેમ હોવાને બદલે મુસલમાનોની લોકસંખ્યા વધારવી અને હિંદુ યુવતીઓનું ધર્માંતરણ કરવું, એ માટે યોજનાબદ્ધ રીતે કરવામાં આવે છે. તેને કારણે હિંદુ યુવતીઓ, મહિલાઓએ ધર્મશિક્ષણ લઈને હવે સજગ (જાગૃત) રહેવું આવશ?યક છે.

હિંદુ જનજાગૃતિ સમિતિના ‘રણરાગિણી’ શાખાનાં કુ. પ્રતિક્ષા કોરગાવકરે કહ્યું કે, નવરાત્રિમાં વિવિધ ઠેકાણે ગરબા રમવાનું નિમિત્ત કરીને અનેક મુસલમાન યુવકો ગરબામાં સહભાગી થાય છે અને તેમાં સહભાગી હિંદુ યુવતીઓને પોતાના પ્રેમજાળમાં ફસાવે છે. પછી તેઓ ‘લવ-જેહાદ’નો શિકાર બની જાય છે. ગત કેટલાક મહિનાઓમાં ૧૪ થી ૧૮ વયજૂથની સગીર બાળાઓ ‘લવ-જેહાદ’ની બલિ ચડી છે, એવી અનેક ઘટનાઓ ઉજાગર થઈ છે.

‘લવ-જેહાદ’ વિશે હિંદુ જનજાગૃતિ સમિતિ ગત અનેક વર્ષોથી જાગૃતિ કરી રહી છે. સમિતિએ આ વિશે ગ્રંથ પણ લોકાર્પણ કર્યો છે. વ્યાખ્યાનો અને વિવિધ ઉપક્રમો દ્વારા ‘લવ-જેહાદ’ની સમસ?યાને ઉજાગર કરીને તે વિશે સતર્ક રહેવાનું આવાહન હિંદુ જનજાગૃતિ સમિતિ કરતી હોય છે.

આપનો નમ્ર,
શ્રી. રમેશ શિંદે
રાષ્ટ્રીય પ્રવક્તા, હિંદુ જનજાગૃતિ સમિતિ
સંપર્ક : ૯૯૮૭૯૬૬૬૬૬

### ૮૦૦ કરોડના કૌભાંડ મામલે દુધસાગર ડેરીના પૂર્વ ચેરમેન વિપુલ ચૌધરીના ૬ દિવસના રિમાન્ડ નામંજૂર

મહેસાણા, તા. ૨૩

મહેસાણાની દુધસાગર ડેરીના પૂર્વ ચેરમેન અને પૂર્વ ગૃહમંત્રી વિપુલ ચૌધરીની તેમના ડેરીના કાર્યકાળ દરમિયાન કરવામાં આવેલા રૂપિયા ૮૦૦ કરોડના કૌભાંડના અનુસંધાનમાં એન્ટી કરપ્શન બ્યુરો દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. ત્યાર બાદ રિમાન્ડ પૂરા થતા તેમને આજે મહેસાણા કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા અને એસીબીએ વધુ ૬ દિવસના રિમાન્ડની માગણી કરી હતી. ઉપરાંત સરકારી વકીલે કોર્ટમાં વિપુલ ચૌધરીના પત્ની ગાયબ હોવાની પણ રજૂઆત કરી હતી. સાથે જ આ કેસમાં કંપનીઓની તપાસ બાકી હોવાની પણ રજૂઆત કરાઈ હતી.

અમદાવાદ પોલીસની ટીમ વિપુલ ચૌધરીને લઈને મહેસાણા કોર્ટમાં પહોંચી હતી.




બનાસકાંઠા મધ્યસ્થ સહકારી બેંકની દાંતીવાડા ખાતે નવીન મકાનના ઉદ્‌ઘાટન પ્રસંગે ગુજરાત ના પૂર્વ ગૃહ મંત્રી રજની પટેલે હાજર રહીને તેમના વક્તવ્યમાં જણાવ્યું હતું કે કોંગ્રેસ ના રાહુલ ગાંધીએ કબૂલ કર્યું હતું કે દિલ્હી સરકાર જે કોઈ પૈસા રાજ્યને મોકલે છે તે સીધે સીધા અરજદારને મળતા નથી જ્યારે મુખ્યમંત્રી અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના શાસનમાં અરજદારને પોતાના બેંકના ખાતામાં સો ટકા રકમ સીધી મળે તેવી વ્યવસ્થા ભાજપના શાસનમાં કરવામાં આવી છે બેંકના ચેરમેન સૌસીભાઈ ચૌધરીએ ઉપસ્થિત સર્વે મહેમાનોનો આભાર માનીને અને બનાસકાંઠા જિલ્લાની સૌથી મોટી બેંકને સહકાર આપવા બદલ શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી.

## અભિનંદન




શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ રાજ્યકક્ષા રાજકીય વિભાગના મંત્રી શ્રી જગદીશભાઈ રાજપુરોહિત ની ટેલીફોન એડવાઈઝરી કમિટીમાં દુસંચાર મંત્રાલય દ્વારા નિમણૂક આપવામાં આવી.બ્રહ્મ સમાજ ના સર્વે પદાધિકારીઓ તેમજ સમાજ ના સર્વે શ્રેષ્ઠીઓ સહયોગીઓ નો આભાર વ્યક્ત કર્યો છે.



કહેવાતા ગાંધી ના ગુજરાત માં કોબા કસ્તુરબા ગાંધી ટ્રસ્ટ સંચાલિત પીટીસી કોલેજ સ્ટાફ કવાર્ટર માં સંસ્થા ના પટાવાળા નો પુત્ર ૨૮૮ નંગ દારૂ ની બોટલ સાથે દરોડા દરમિયાન પકડાયો.

### દશેરા રેલી શિવાજી પાર્કમાં યોજવા ઉદ્ધવ ઠાકરેને મંજૂરી, શિંદે જૂથને મોટો ઝટકો

મુંબઈ,તા.૨૩

મહારાષ્ટ્રમાં શિવાજી પાર્કમાં દશેરા રેલી અંગે ચાલી રહેલા તકરાર વચ્ચે ઉદ્ધવ ઠાકરે જૂથને મોટી જીત થઈ છે. બોમ્બે હાઈકોર્ટે ઠાકરે જૂથને શિવાજી પાર્કમાં ૨ ઓક્ટોબરથી ૬ ઓક્ટોબરની વચ્ચે દશેરા રેલી યોજવા મંજૂરી આપી દીધી છે. શિવસેના વર્ષોથી દશેરા રેલીનું આયોજન કરતા આવી છે જોકે છેલ્લા બે વર્ષોથી કોરોના મહામારીના પગલે રેલી સ્થગિત કરવામાં આવી હતી. હવે સ્થિતિ સુધરતા ઠાકરે જૂથને ૫ ઓક્ટોબરથી રેલી કરવાનું એલાન કર્યું હતું જોકે, શિવસેનામાં બે ફાડિયા પડ્યા હોવાથી શિંદે જૂથે પણ શિવાજી પાર્કમાં રેલી કરવાનું આયોજન કર્યું હતું જેના પગલે બંને જૂથ આમનેસામને આવી ગયા હતા.

નોંધનીય છે કે, અગાઉ બીએમસીએ શિવાજી પાર્કમાં રેલીને લઈને ઠાકરે જૂથને પરવાનગી આપી ન હતી જે બાદ મામલો બોમ્બે હાઈકોર્ટમાં પહોંચ્યો હતો. ગુરુવારે સુનાવણી દરમિયાન હાઈકોર્ટે અરજદારને ૨ થી ૬ ઓક્ટોબર વચ્ચે રેલી યોજવાની મંજૂરી આપી હતી. જે બાદ શિવસેના ૫ ઓક્ટોબરે શિવાજી પાર્કમાં દશેરા રેલીનું આયોજન કરી શકશે. આ નિર્ણયને લઈને ઠાકરે જૂથમાં ખુશીની લહેર છે અને તેઓ તેને પોતાની મોટી જીત ગણાવી રહ્યા છે.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે સુરતમાં રૂ.૩૪૦૦ કરોડથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત

## રૂ.૧૩૯ કરોડના ખર્ચે સુરતમાં બનશે નવો બાયોડાયવર્સિટી પાર્ક

### બાયોડાયવર્સિટી પાર્કમાં ૧૩ કિમી લાંબી વોકિંગ ટ્રેઇલ્સ બનાવવામાં આવશે. અહીંયા કુલ ૮૫ જાતની વિવિધ વનસ્પિતઓ તેમજ ૬ લાખ જેટલાં વિવિધ વૃક્ષો અને છોડવાંઓ રોપવામાં આવશે

ગાંધીનગર, ૨૩ સપ્ટેમ્બરઃ કેન્દ્રમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રાજ્યમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ડબલ એન્જિન સરકાર આજે રાજ્યના સાડા છ કરોડ નાગરિકોના સપના સાકાર કરી રહી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાતમાં વિવિધ વિકાસકાર્યો સંપન્ન થઈ રહ્યાં છે, ત્યારે રાજ્યના સુરત શહેરમાં પણ વિકાસના અનેકવિધ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત થવા જઇ રહ્યું છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી સપ્ટેમ્બર મહિનાના અંતમાં ગુજરાતમાં ૨ દિવસના પ્રવાસે છે. તારીખ ૨૯ સપ્ટેમ્બરે વડાપ્રધાન મોદી સુરતની મુલાકાત લેશે અને તે દરમિયાન તેઓ રૂ.૩૪૭૨.૫૪ કરોડના વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે.

આ વિવિધ વિકાસકાર્યોમાં પાણી પુરવઠાના રૂ.૬૭૨ કરોડના કાર્યો, રૂ.૮૯૦ કરોડના ડ્રેનેજ પ્રોજેક્ટ્સ, રૂ.૩૭૦ કરોડના ડ્રીમ (DREAM) સિટીના કાર્યો,




રૂ.૧૩૯ કરોડના ખર્ચે બાયોડાયવર્સિટી પાર્ક તેમજ અન્ય વિકાસકાર્યો જેવાં કે પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર, હેરિટેજ રિસ્ટોરેશન, સિટી બસ / બીઆરટીએસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ઈલેક્ટ્રિક વેહિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર તેમજ કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવેલા વિકાસકાર્યોનો સમાવેશ થાય છે. ડ્રીમ (DREAM) સિટીના મુખ્ય પ્રવેશદ્વાર તેમજ ફેઝ-૧ના કાર્યોનું લોકાર્પણ સુરતના હીરાઉદ્યોગના વેપારીઓ માટે શરૂ કરવામાં આવેલો મહત્વાકાંક્ષી ડાયમંડ રિસર્ચ એન્ડ મર્કન્ટાઈલ (DREAM) સિટી પ્રોજેક્ટ પૂરજોશથી આગળ વધી રહ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ડ્રીમ સિટીના રૂ.૧૦૩.૪૦ કરોડના ખર્ચે તૈયાર થયેલા ફેઝ-૧ રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના કાર્યોનું લોકાર્પણ કરશે. આ સાથે જ, રૂ.૯.૫૩ કરોડના ખર્ચે તૈયાર થયેલા ડ્રીમ સિટીના મુખ્ય પ્રવેશદ્વારનું લોકાર્પણ પણ કરવામાં આવશે. આ ઉપરાંત, ફેઝ-૨ના કાર્યોનું ખાતમુહૂર્ત કરવામાં આવશે. આમ, વડાપ્રધાનશ્રી ડ્રીમ સિટીના કુલ રૂ.૩૬૯.૬૦ કરોડના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે.

ઉલ્લેખનીય છે કે, સુરતમાં ડાયમંડ ટ્રેડિંગ બિઝનેસના ઝડપી વિકાસને કારણે એક પૂરક તરીકે કોમર્શિયલ અને રેસિડેન્શિયલ સ્પેસની વધતી માંગને પહોંચી વળવાના વિઝન સાથે ગુજરાત સરકારે એક સ્પેશિયલ પર્પઝ વ્હીકલ (SPV)ની રચના કરી, જેને ડાયમંડ રિસર્ચ એન્ડ મર્કેન્ટાઇલ સિટી લિમિટેડ (ડ્રઈઈછર સિટી લિમિટેડ) નામ આપવામાં આવ્યું. આ ડ્રીમ સિટી તેના હિતધારકો માટે સર્વિસ પ્રોવાઈડર તરીકે કામ કરશે. હાલ ફેઝ-૧ અને ફેઝ-૨ સંબંધિત રૂ.૪૦૦ કરોડના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સનું અમલીકરણ કરવામાં આવી રહ્યું છે. બેઝિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરના મુખ્ય ઘટકોમાં રસ્તાઓ, યુટિલિટી ડક્ટ્સ, સ્ટ્રીટ લાઈટ, પાણી પુરવઠો, ગટર નેટવર્ક, વરસાદી પાણીની ગટર વગેરેનો સમાવેશ થાય છે.

રૂ.૧૩૯ કરોડના ખર્ચે બનશે નવો બાયોડાયવર્સિટી પાર્ક

વનસ્પતિ, પ્રાણીસૃષ્ટિ અને પર્યાવરણની જાળવણી કરવાના ઉદ્દેશથી સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં ડૉ. હેડગેવાર બ્રિજથી ભીમરાડ-બમરોલી બ્રિજ સુધીના ભાગમાં કાંકરા ખાડી પાસે આશરે ૮૭.૫૦ હેક્ટર ખુલ્લી જગ્યામાં બાયોડાયવર્સિટી પાર્ક બનાવવામાં આવશે. આ બાયોડાયવર્સિટી પાર્કમાં ૧૩ કિમી લાંબી વોકિંગ ટ્રેઈલ્સ બનાવવામાં આવશે. અહીંયા કુલ ૮૫ જાતની વિવિધ વનસ્પિતઓ તેમજ ૬ લાખ જેટલાં વિવિધ વૃક્ષો અને છોડવાંઓ રોપવામાં આવશે. રૂ.૧૩૯ કરોડના ખર્ચે તૈયાર થનારા આ બાયોડાયવર્સિટી પાર્કમાં વોકિંગ ટ્રેઈલ્સ, ચિલ્ડ્રન પ્લે એરિયા વગેરે હશે. આ સ્વચ્છ, હરિયાળો પાર્ક મુલાકાતીઓની શારીરિક અને માનસિક સ્થિતિ જાળવવામાં મદદરૂપ થશે. ઉપરાંત, પાર્કની જાળવણી, બાગાયત તેમજ હાઉસ કીપીંગ માટે કર્મચારીઓની જરૂર પડશે, જેના કારણે રોજગારીની તકો ઊભી થશે.

# પાવાગઢ પ્રાથમિક શાળા ખાતે ગાંધી જયંતિ નિમિત્તે ગાંધી જીવન પદયાત્રાનો પ્રારંભ કરાયો

જાંબુઘોડા,

મહાદેવ દેસાઈ સમાજ સેવા સંકુલ,ઈતિહાસ અને સંસ્કૃતિ વિભાગ ગૂજરાત વિદ્યાપીઠ,અમદાવાદ તથા સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજ જાંબુઘોડાના સંયુક્ત ઉપક્રમ પાવાગઢ મુકામે 'ગાંધી જયંતિ નિમિતે ગાંધી જીવન પદયાત્રા' નો પ્રારંભ તેમજ ઉદઘાટન સમારંભ નિરંકારી મિશનના દાહોદ ઝોનના ઝોનલ ઈન્ચાર્જ શ્રી ભુપેન્દ્રભાઈની વિશેષ ઉપસ્થિતિ પાવાગઢ પ્રાથમિક શાળામાં કરવામાં આવ્યો.જેમાં ગુજરાત વિધાપીઠ,અમદાવાદના એમ.એ.પી.એચ.ડી.ના તથા



સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજ જાંબુઘોડાના વિદ્યાર્થીઓ તથા પ્રોફેસરશ્રીઓ સહિત મહાકાલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકના વિદ્યાર્થીઓ,આચાર્ય,શિક્ષક સ્ટાફગણ સહિત હાજરી આપી હતી.ગુજરાત વિધાપીઠના વિદ્યાર્થીઓ તા.૨૦મી સપ્ટેમ્બરના રોજ પાવાગઢ મુકામે આવી પહોંચ્યા હતા.આ પદયાત્રાનું ઉદ્‌ઘાટનનો કાર્યક્રમ મહાકાળી માધ્યમિક ઉચ્ચ માધ્યમિક સ્કુલમાં રાખવામાં આવ્યો હતો.આ પ્રસંગે શ્રી ભુપેન્દ્રભાઈએ કહયુ હતું કે ×બીજાના દુઃખની પીડા આપણને થાય ત્યારે જ આપણે સાચા માણસ છીએ એવુ કહેવાય.વિશેષમાં ડૉ. કનૈયાલાલ નાયક,ડૉ.મહેશભાઈ વર્મા,આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ,જાંબુઘોડા તથા ર્ડા.મુંજાલ ભીમડાદકર, ર્ડા.જેનેમા કાદરી,ર્ડા.ડેનિશ વિરણીયા,ર્ડા.વિરેન્દ્ર જાદવ તેમજ મહાકાલી ઉચ્ચ માધ્યમિક શાળાના આચાર્ય શ્રી જીતાંશુભાઈ તથા પાવાગઢ પ્રાથમિક શાળાના આચાર્યશ્રીએ વિદ્યાર્થીઓને પ્રેરણાત્મક વકતવ્ય આપ્યું હતું.કાર્યક્રમનું સંચાલન શ્રી સતિષ પરમાર,આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ,જાંબુઘોડા દ્વારા કરવામાં આવ્યુ હતું.આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને ગામના આગેવાનોએ હાજર રહી શોભામાં અભિવૃદ્ધિ કરી હતી.પદયાત્રાનો પ્રારંભ પાવાગઢ,મોટા જેપુરા,જેપુરા,ઝાખરીયા,ગોકુળપુરાથી કર્યો હતો.હાલમાં પાવાગઢની આસપાસનાં વિવિધ ગામમાં પદયાત્રા ચાલી રહી છે.

સતિષભાઈ પરમાર.પ્રોફેસર

આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ,જાંબુઘોડા

## માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન ટ્રસ્ટમા અમદાવાદ જિલ્લા સંયોજક તરીકે વિરમગામ દેસાઈ સી. એમ. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ના પ્રોફેસર ડો.અશ્વિનભાઇ આણદાણી ની નીમણૂંક કરવામા આવી

સન્ ૨૦૧૮ " માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન " નામનું ટ્રસ્ટ સમગ્ર ગુજરાતમાં અને વિશ્વભરના ગુજરાતી ભાષકોમાં ગુજરાતી ભાષાની પ્રતિષ્ઠા માટે કાર્યરત છે . ગુજરાતમાં શિક્ષકોનું ગુજરાતી ભાષાનું પ્રશિક્ષણ કરવાનું કામ પણ આ ન્યાસ દ્વારા થઈ રહ્યું છે . જેથી ગુજરાતના વિદ્યાર્થીઓમાં ગુજરાતી ભાષા અને સાહિત્ય પ્રત્યે પ્રીતિ



વધવાની પણ સંભાવના છે . ગુજરાતના શિક્ષણજગત માટે નિઃસ્વાર્થભાવથી થતું આ કામ ભવિષ્યમાં સારાં પરિણામો સર્જી શકશે . ગુજરાતી ભાષાની સજ્જતા , એનું સંરક્ષણ અને સંવર્ધન કરવાનાં વિવિધ લક્ષ્ય સાથે કામ કરતા આ સંગઠનમાં તમ અમદાવાદ જિલ્લાના સંયોજક તરીકે નિમણુંક કરવામાં આવી.

અમિત શાહ, જર્નલિસ્ટ, વિરમગામ

## વિરમગામ શહેરમાં"આપ"દ્વારા કેજરીવાલ ગેરંટી કાર્ડ નું વોર્ડ દીઠ વિતરણ કરવામાં આવ્યું

ગુજરાતમાં વિધાનસભા ૨૦૨૨ ની ચૂંટણીના પડઘમ સંભળાઈ રહ્યા છે ત્યારે નવરાત્રી દરમિયાન કે ત્યારબાદ રાજય ચૂંટણીપંચ ગમે ત્યારે જાહેરનામું બહાર પાડી શકે તેવા સંકેતો રાજયના વિવિધ રાજકીય પક્ષોની વિવિધ યાત્રાઓ, કાર્યક્રમો, સભાઓ દ્વારા મળી રહ્યા છે. ત્યારે આ વખતની વિધાનસભા ચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસ સિવાય એક નવો જ પક્ષ આમ આદમી પાર્ટી ગુજરાતમાં પ્રથમ વખત વિધાનસભા ની તમામ ૧૮૨ બેઠકો પર ચૂંટણી ના જંગમાં ઉતારવાની તૈયારીઓ કરી રહી છે તેમજ વિવિધ પ્રકારે ચૂંટણી પ્રચાર પ્રસાર ની ગતિ તેજ કરી રહી છે અને તે જોતા વિરમગામ વિધાનસભા ની ચૂંટણી નો જંગ ત્રિપાંખીયો જોવા મળશે. જેના એક ભાગ રૂપે વિરમગામ વિધાનસભા-૩૯ બેઠક જીતવાના લક્ષ્યાંક સાથે આમ આદમી પાર્ટીના




કાર્યકરો 'કેજરીવાલ ગેરંટી કાર્ડ' નું વિતરણ કરી આમ જનતાસુધી પહોંચવાનો પ્રયત્ન કરી રહ્યા હતા. વિરમગામ શહેરમાં ઠેર ઠેર વોર્ડ દીઠ કાર્યકરોએ'આપ' ના ગેરંટીકાર્ડ નું વિતરણ કરી જનતાને વિશ્વાસ માં લેવા પ્રયત્ન કર્યા હતા.

જ્યારે બીજી બાજુ ભાજપ પ્રદેશ સંગઠન દ્વારા બાકી રહેલાં કામો સત્વરે પુરા કરવા સૂચના અપાઈ રહી છે ત્યારે આગેવાનો અને ચૂંટાયેલા પ્રતિનિધિઓ દ્વારા અગાઉની ચૂંટણી ના વચનો પુરા કરવા દોડધામ કરી ખાતમુહૂર્ત અને સેવાકીય કાર્યક્રમો નો આરંભ કર્યો હતો.

વિધાનસભા ૨૦૨૨ ના ચુંટણી જંગમાં કોંગ્રેસના સીટીંગ ધારાસભ્ય પણ એક્ટિવ મોડમાં આવી વિવિધ આંદોલન ને સાથ આપતા નજરે ચડ્યા હતા. પરંતુ સંગઠન ના સભ્યોમાં સંકલનના અભાવે કયાંક ને ક્યાંક ચૂંટણી અંગે ઉદાસીનતા જોવા મળી હતી.

તસવીર :- અમિત શાહ, જર્નલિસ્ટ, વિરમગામ

## યુવા સેવાભાવી અગ્રણી મિતલ ખેતાણીના પુત્ર ધર્મ ખેતાણીનો તા. ૨૩ ના રોજ આઠમાં વર્ષમાં મંગલ પ્રવેશ

### । જીવદયા પ્રવૃતિઓ સાથે જન્મદિનની ઉજવણી



જાહેર જીવનના વરિષ્ઠ સહકારી અગ્રણી સ્વ.નરોતમભાઈ ખેતાણી તેમજ ગં.સ્વ.હરદેવીબેન ખેતાણીનાં પૌત્ર, યુવા સેવાભાવી અગ્રણી અને ભારત સરકારનાં પશુપાલન મંત્રાલયના સલાહકાર સમિતિના સદસ્ય ,એનીમલ વેલફેર બોર્ડનાં મીડીયા ટીમનાં મેમ્બર મિતલ ખેતાણી અને ડીમ્પલ ખેતાણીનાં સુપુત્ર ચિ. ધર્મ તા. ૨૩ ના રોજ આઠમાં વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહયાં છે. દરેક જન્મદિવસની જેમ આ વખતે પણ અનેકવિધ સત્કાર્યો, જીવદયા પ્રવૃતિઓ સાથે ધર્મનાં જન્મદિનની ઉજવણી થઈ રહી છે નજીકના વિસ્તારોમાં ધર્મ પોતે પોતાની બાળ મંડળી સાથે રોજની જેમ પક્ષીઓને ચણ, કીડીઓને કીડીયારું, કુતરાઓને દુધ રોટલી, ગાયોને ઘાસ, માછલીઓને લોટની ગોળી, ખીસકોલીઓને મકાઈ તેમજ આસપાસનાં વિવિધ ઘરોમાં ચકલાનાં માળા, બર્ડ ફીડર લગાડી, પક્ષીઓનાં રામ પાતર મૂકી, ગૌમાતાની પાણી પીવાની કુંડીઓ મૂકશે અને સાથમાં જ ઉંમરો, પીપળો જેવાં પક્ષી, પર્યાવરણને ફાયદાકારક, માનવતાને ઉપયોગી ઓકિસજન વર્ધક આઠ વૃક્ષોનું વાવેતર કરી જન્મદિનની સેવામય ઉજવણી ધર્મ કરશે.

ધર્મ મિતલ ખેતાણી મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯



દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી માનનીય નરેન્દ્ર ભાઈ મોદી સાહેબ તા. ૨૯ મી સપ્ટેમ્બરે સુરતના લીંબાયત ખાતે આવી રહ્યા છે તે સંદર્ભે આજરોજ માન.પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબ દ્વારા સભા સ્થળનું નિરીક્ષણ કર્યું.

આ પ્રસંગે ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી પરેશભાઈ પટેલ તેમજ જિલ્લા અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની અંબાજી મુલાકાત સંદર્ભે જિલ્લા કલેકટરશ્રી આનંદ પટેલે અધિકારીઓ સાથે બેઠક યોજી

### પ્રધાનમંત્રીશ્રીના કાર્યક્રમને ગરિમાપૂર્ણ બનાવવા માટે કલેકટરશ્રીએ વિવિધ સમિતિઓની રચના કરી અધિકારીઓનું માર્ગદર્શન કર્યું

અંબાજી ,

ભારતના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી આગામી ૩૦ સપ્ટેમ્બરના રોજ બનાસકાંઠા જિલ્લાના વિશ્વપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે પધારનાર હોઇ જિલ્લા કલેક્ટરશ્રી આનંદ પટેલે જિલ્લાના અધિકારીઓ સાથે કાર્યક્રમની તૈયારીઓ માટે બેઠક યોજી હતી. જેમાં કલેક્ટરશ્રીએ વિવિધ વિભાગો અને અધિકારીઓને કાર્યક્રમના સુચારૂ આયોજન માટે માર્ગદર્શન આપી સૂચનો કર્યા હતા.

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીનો અંબાજી ખાતેનો કાર્યક્રમ ગરિમાપૂર્ણ અને આયોજનબદ્ધ રીતે થાય એ માટે જિલ્લા કલેક્ટરશ્રી દ્વારા વિવિધ સમિતિઓની રચના કરીને અધિકારીઓને કામગીરી સોંપવામાં આવી છે. કલેક્ટરશ્રી આનંદ પટેલે




વિવિધ સમિતિના અધ્યક્ષ અને સભ્યો સાથે તેમને સુપ્રત કરેલ કામગીરીની મીટીંગમાં વિસ્તૃત ચર્ચા કરી હતી તથા તમામ અધિકારીઓને તેમને સોંપવામાં આવેલ જવાબદારી પૂરતી કાળજી અને તકેદારીપૂર્વક નિભાવવા સૂચન કર્યું હતું. કલેકટરશ્રીએ કાર્યક્રમ સ્થળે સુશોભન, વીજ પુરવઠો, મહાનુભાવો અને નાગરિકો માટે બેઠક વ્યવસ્થા, વાહનો માટે પાર્કિંગ વ્યવસ્થા, સાફ-સફાઈની કામગીરી, આરોગ્ય વિષયક વ્યવસ્થાઓ, પીવાના પાણીની વ્યવસ્થા સહિતની વ્યવસ્થાઓ અંગે ચર્ચા કરી હતી.

આમ ભારતના પ્રધાનમંત્રીશ્રી બનાસકાંઠાની ધરતી પર આવી રહ્યા છે ત્યારે કાર્યક્રમને ગરિમાપૂર્ણ બનાવવા માટે જિલ્લા વહીવટીતંત્રએ તૈયારીઓ આરંભી દીધી છે. જિલ્લા કલેકટરશ્રીના અધ્યક્ષસ્થાને આયોજિત બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી સ્વપ્નિલ ખરે, નાયબ વન સંરક્ષકશ્રી અભયસિંઘ, નિવાસી અધિક કલેક્ટર સુશ્રી આર.એન.પંડ્યા, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી આર.આઈ.શેખ, નાયબ કલેકટરશ્રીઓ, મામલતદારશ્રીઓ, તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ, ચીફ ઓફિસરશ્રીઓ તથા વિવિધ વિભાગના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. લક્ષ્મણ ઠાકોર અંબાજી

## ચાણસ્મા શહેર સહિત પંથકમાં દારૂબંધી ના ઉડ્યા લીરે લીરા



રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો

ગુજરાત રાજયમાં દારૂબંધીનો કાયદો માત્ર ને માત્ર કાગળ પર જ રહ્યો હોય તેમ જણાય આવ્યું છે ત્યારે આજરોજ પત્રકારો દ્વારા રિયાલિટી ચેક કરતા ચાણસ્મા શહેરમાં વિવિધ જગ્યાએ દેશી તેમજ વિદેશી દારૂનું વેચાણ તેમજ ચાણસ્મા શહેરની અંદર આવેલ અનેક મુતરડીયુ સહિત અનેક જગ્યાએ દારૂની ખાલી કોથળીઓ તેમજ ઇંગ્લિશ દારૂની વિવિધ બોટલો દેખાઈ રહી હતી.

ગાંધીજીના ગુજરાતમાં વર્ષોથી દારૂબંધીનો કાયદો ઘડવામાં આવ્યો છે ત્યારે ગુજરાત રાજ્યમાં પોલીસને રહેમ નજર હેઠળ દિન પ્રતિદિન દેશી તેમજ ઈંગલિશ દારૂનું ધૂમ વેચાણ થઈ રહ્યું છે ત્યારે પાટણ જિલ્લાના ચાણસ્મા પોલીસ મથકના હદમાં આવતા ચાણસ્મા શહેર ની અંદર ઈન્દિરા નગર સહિત વિવિધ જગ્યાએ દેશી તેમજ ઈંગલિશ દારૂનું વેચાણ થઈ રહ્યું છે ત્યારે જાણે પોલીસ પત્રમ પુષ્પમ ના વ્યવહારે ચાલતી હોય તેવા સૂત્રો દ્વારા સમાચાર પણ મળી રહ્યા છે ત્યારે આ બાબતે પાટણ જિલ્લા પોલીસ વડા અંગત રસ દાખવી આ દારૂ બદી ને દૂર કરાવે તેવું લોકમુકે ચર્ચાઈ રહ્યું છે.

## વિરમગામ શહેર-તાલુકા ફેર પ્રાઈઝ શોપ્સ એન્ડ કેરોસીન લાયસન્સ હોલ્ડર્સ એસોસિએશન દ્વારા વિરમગામ મામલતદાર ને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું



વિરમગામ,

ઓલ ગુજરાત ફેરપ્રાઈઝ શોપ એસોશિયેશન અને ગુજરાત રાજ્ય પ્રા શોપ એન્ડ કેરોસીન લાયન્સ હોલ્ડર એસોશિયેશન દ્વારા હડતર પ્રશ્નો બાબતે આવેદનપત્ર પાઠવ્યુ .આવેદનપત્ર મા જણાવ્યા અનુસાર ઓલ ગુજરાત ફેરપ્રાઈઝ શોપ એસોશિયેશન અને ગુજરાત રાજય ફેરપ્રાઈઝ શોપ એન્ડ કેરોસીન લાયસન્સ હોલ્ડર એસોશિયેશન દ્વારા આપેલ ના .૧૯ / ૦૯ / ૨૨ ના રોજ સરકાર ને આપેલ આવેદનપત્રથી અમારા છેલ્લા બે વર્ષથી પડતર પ્રશ્નોના નિરાકરણ ને આવતા આ બાબતે અમારા પડતર પ્રશ્નોનો સરકાર દ્વારા હકારાત્મક નિર્ણય લેવાય તે હેતુથી અમારી માંગણી સરકારશ્રી સુધી પહોંચાડવા વિનંતી છે અને અમારી માંગણીઓ નહી સ્વીકારાય તો અમો રાજય એસોશિયેશન દ્વારા આપેલ કાર્યક્રમને અત્રેના જિલ્લાને સમર્થન આપશે તા .૨/૧૦/૨૨ થી વિતરણ વ્યવસ્થાની તમામ કામગીરીથી અળગા રહી રાજય એસોશિયેશન દ્વારા જાહેરાત કરેલ છે જેમાં અમદાવાદ જિલ્લાના તમામ વ્યાજબી ભાવના દુકાનદારો વિતરણ વ્યવસ્થાની તમામ કામગીરીથી અળગા રહેશે અને અમારા રાજય એસોશિયેશન દ્વારા આપવામાં આવેલ આવેદનપત્ આ સાથે સામેલ છે.

## નવરાત્રિ દરમિયાન રાત્રે ૧૨ વાગ્યા પછી હોટલો ખુલ્લી રાખવાની છૂટ

ગાંધીનગર,તા.૨૩

નવરાત્રિને હવે બે દિવસ બાકી છે, ત્યારે ગુજરાત સરકારે નાગરિકોને મોટી છૂટ આપી છે. હવે ગરબા ગ્રાઉન્ડ પરથી નીકળ્યા બાદ લોકોને ભૂખ્યા રહેવાની જરૂર નહિ પડે. કારણે કે, સરકારે નવરાત્રિ દરમિયાન રાત્રે ૧૨ વાગ્યા પછી હોટલો ખુલ્લી રાખવાની છૂટ આપી છે. ગૃહ રાજયમંત્રીએ જાહેરાત કરી કે, નવરાત્રિમાં ગરબા પૂર્ણ થયા બાદ રાત્રીના ૧૨ પછી પણ હોટલો ખુલ્લી રાખવાની છૂટ આપવામાં આવી છે. સરકારના આ નિર્ણયથી ન માત્ર ખેલૈયાઓ અને હોટલ માલિકોને રાહત મળી છે.

૨૫ સપ્ટેમ્બરથી નવરાત્રિ શરૂ થઈ રહી છે. ત્યારે હવે ખેલૈયાઓમાં ભારે ઉત્સાહ છે. બે વર્ષ બાદ માંડ ગરબા કરવા મળે છે ત્યારે સરકારે રાત્રે ૧૨ વાગ્યા પછી હોટલો ખુલ્લી રાખવાની છૂટ આપી છે. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જાહેરાત કરી કે, ગરબા પૂર્ણ થયા બાદ રાત્રે ૧૨ વાગ્યા પછી હોટલ ખુલ્લી રહેશે. નવરાત્રિમાં ૧૨ વાગ્યા પછી હોટલ ખુલ્લી રાખી શકાશે.

સરકારની આ જાહેરાતથી ખેલૈયાઓએ ખુશી વ્યક્ત કરી. ખેલૈયાઓએ કહ્યું કે, કોરોના બાદ જનજીવન માંડ થાળે પડ્યુ છે. આવામાં પહેલીવાર ગરબા રમવા મળી રહ્યાં છે. તેથી સૌથી મોટી મૂંઝવણ એ હતી રાત્રે વાગ્યા પછી ખાવા ક્યાં જવુ.









## ૧૭ ચાણસ્મા વિધાનસભા માટે કોંગ્રેસના ઉમેદવારો મેદાને ઉતર્યા

### ચાણસ્મા વિધાનસભા ની ચુંટણી માટે ૧૭ ઉમેદવારો એતેમની દાવેદારી નોંધાવી છે પાટિદાર ઠાકોર નાડોદા અનુસુચિત જાતિના એમ અલગ અલગ ઉમેદવારો તેમના બાયોડેટા થકી ચુંટણી લડવા માટે દાવેદારી કરી છે

રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો

કૉન્ગ્રેસ દ્વારા ઉત્તરગુજરાતના ખેરાલુ વિધાનસભાની બેઠકો પર સિટીંગ ધારાસભ્યોને ચૂંટણી લડવાની જાહેરાત કરતા ૧૭ ચાણસ્મા વિધાનસભા ની બેઠક માટે કોંગ્રેસ કયા ઉમેદવાર ને મુકી શકે તેની ચર્ચાએ જોર પકડ્યું છે ત્યારે એવું લાગ્યું નહોતું ચાણસ્મા વિધાનસભા ની ચુંટણી માટે ૧૭ ઉમેદવારો એતેમની દાવેદારી નોંધાવી છે પાટિદાર ઠાકોર નાડોદા અનુસુચિત જાતિના એમ અલગ અલગ ઉમેદવારો તેમના બાયોડેટા થકી ચુંટણી લડવા માટે દાવેદારી કરી છે .

જેમા ઠાકોર સમાજ ના યુવાન અને સક્રિય કાર્યકર શખેશ્વરનાં મૂળ વતની વિનોદજી ઠાકોર કે જેઓ કન્સ્ટ્રકશન વ્યવસાય સાથે જોડાયેલા છે સ્થાનિક લોકોની પણ યુવા ચહેરા તરીકે ની માંગ ઉઠવા પામી છે .

બીજા ઉમેદવાર દિનેશજી આતાજી મજબુત દાવેદારી નોંધાવી છે જેઓ બે વખત સમી હારિજ બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી હતી અને પરાજય થયો હતો અને ત્રીજી વખત અપક્ષ તરીકે ઉમેદવારી નોંધાવતા પણ પરાજિત થયાં હતાં.

ચોથા ઉમેદવાર ચેહુજી ઠાકોર જેઓ યુવાન અને ત્રીસ કોંગ્રેસના કાર્યકર છે જ્યારે અન્ય ઉમેદવારોમાં પાટીદાર સમાજમાંથી રાજુલ કુમાર પી પટેલ અને લાલભાઈ પટેલે પોતાના બાયોડેટા મોકલ્યા પછી જયારે રબારી સમાજમાંથી મજૂર મહાજનના મહામંત્રી રબારી મહેન્દ્રભાઈ અમથાભાઈ એ પણ પોતાના બાયોડેટા પણ પ્રદેશ કાર્યાલય મોકલી આપયા છે.

હાલ તો સત્તર ઉમેદવારોએ પોતાના બાયોડેટા પ્રદેશ કોંગ્રેસ કાર્યાલય ને મોકલી આપયા છે તેવા ઉમેદવારો પોતાની ટિકીટ મળશે તેવો દાવો કરી રહ્યા છે પરંતુ બીજીબાજુ વિધાનસભામાં સ્થાનિક ઉમેદવારને ટિકિટ અપાય તેવી મતદારો ની માગ ઉઠવા પામી છે. જ્યારે ભાજપ તરફથી હજુ સુધી કોઈ ચહલપહલ ખાસ જોવા મળી નથી પરંતુ ભાજપ અગ્રણી મુકેશભાઈ જે પટેલ ઠાકોર સમાજમાંથી વિક્રમજી ઠાકોર પૂર્વ કેબિનેટ મંત્રી અને હાલના ધારાસભ્ય દિલીપજી વિરાજી ઠાકોર સહિત ચાણસ્માની વિધાનસભાની બેઠક માં ચૂંટણી લડવા માટે મજબુત દાવેદારી કરી રહ્યાં હોવાનું નજીકનાં સુત્રોમાંથી જાણવા મળી રહ્યું છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.